પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ વર્ષ : ૩૦ અંક : ૪૬ કુલ પાના : ૪ તારીખ : ૧૪-૧૦-૨૦૨૬ બુધવાર કિંમત રૂા.૧.૫૦/-

તંત્રી/પ્રકાશક/માલિક: કરણ અજયકુમાર પંચાલ, ઓફિસ : બાંડીબારનો ખાંચો,તલાવ રોર્ડ,ગોધરા,જી.પંચમહાલ(ગુજરાત) મો:૯૭૧૨૮૮૦૬૭૮

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w wpanchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ગાંધીનગર મનપાની ચૂંટણી પરિણામ જાહેર

## ૧૧ વોર્ડની ૪૪ બેઠકોમાંથી ભાજપને ૩૮ બેઠકો, કોંગ્રેસને ફાળે ૫ બેઠકો અને અપક્ષના ૧ ઉમેદવાર જીત્યા



ગાંધીનગર

ગાંધીનગર મનપામાં ચૂંટણીની મતગણતરી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનું ચિત્ર હવે સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયું છે. જનતાએ પોતાના મતો દ્વારા નેતૃત્વની પસંદગી કરી લીધી છે, જેમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ પ્રચંડ બહુમતી સાથે ફરી એકવાર પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. જ્યારે વિરોધ પક્ષ તરીકે કોંગ્રેસ આવ્યો છે અને આમ આદમી પાર્ટીનો સુપડા સાફ થઈ ગયા છે.

ગાંધીનગર મનપાની કુલ ૪૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીના પરિણામોમાં ભાજપે શાનદાર પ્રદર્શન કર્યું. કુલ ૪૪ બેઠકોમાંથી ભાજપે ૩૮ બેઠકો પર ભવ્ય જીત મેળવી છે. જ્યારે મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસે ૫ બેઠકો પર બાજી મારીને પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે. આ ઉપરાંત, એક બેઠક પર અપક્ષ ઉમેદવારે જીત મેળવીને સૌનું ધ્યાન ખેંચ્યું છે, જ્યારે આમ આદમી પાર્ટીને એક પણ સીટ ના મળતા સૌ ચોંકી ગયું છે.

ગાંધીનગર મનપાની ચૂંટણીના પરિણામોમાં સૌથી મોટો ઉલટફેર વોર્ડ નંબર ૬ માં જોવા મળ્યો છે. આ વોર્ડમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે અને કોંગ્રેસે તમામ ૪ બેઠકો પર વિજય મેળવીને ભવ્ય 'ક્લીન સ્વીપ' કર્યું છે. વોર્ડ નંબર ૬ માં ભાજપના ખાતામાં એક પણ બેઠક આવી નથી. બીજી બાજુ, ભાજપે વોર્ડ નંબર ૧, ૩, ૪, ૫, ૮, ૯, ૧૦ અને ૧૧ માં એકચક્રી શાસન જાળવી રાખતા તમામ એટલે કે ૪-૪ બેઠકો પર પ્રચંડ વિજય મેળવ્યો છે.

ગાંધીનગર મનપાની ચૂંટણીમાં મોટાભાગના વોર્ડમાં દબદબો જાળવી રાખવા છતાં ભાજપને બે વોર્ડમાં નુકસાન સહન કરવું પડ્યું છે. વોર્ડ નંબર ૨માં ભાજપે ૩ બેઠકો મેળવી છે, જ્યારે ૧ બેઠક અપક્ષ ઉમેદવારના ફાળે ગઈ છે. જ્યારે વોર્ડ નંબર ૭માં કુલ ૪ બેઠકોમાંથી ૩ બેઠકો પર ભાજપના ઉમેદવાર વિજયી બન્યા છે, જ્યારે ૧ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે જીત મેળવી છે.

વોર્ડ નંબર ૨માં ભાજપ અને અન્ય પક્ષોની પૂરી પેનલ જીતવાને બદલે, વોર્ડ-૨ ની સીટ નંબર-૨ પર અપક્ષ ઉમેદવાર (દિપિકાબેન રાજેન્દ્રસિંહ વાઘેલા) વિજયી બન્યા, જેથી આ વોર્ડમાં પેનલ તૂટી હતી. જ્યારે વોર્ડ નંબર ૭માં પણ મિશ્ર પરિણામ આવ્યું છે. વોર્ડ નંબર ૭ની ૩ બેઠકો પર બીજેપી વિજયી રહી જ્યારે કોંગ્રેસના એક ઉમેદવાર (નગીનભાઈ જગદીશભાઈ નાડીયા) જીત્યા, જેના કારણે અહીં પણ પેનલ તૂટી હોવાનું સ્પષ્ટ થાય છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ ૨૦૨૬ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી માટે પરિણામો અત્યંત નિરાશાજનક રહ્યા છે. આ ચૂંટણીમાં આપ દ્વારા ૧૧ વોર્ડમાં ૩૨ ઉમેદવારો મેદાને ઉતારવામાં આવ્યા હતા, પરંતુ દુર્ભાગ્યવશ તમામ ૩૨ ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ થઈ ગઈ છે અને પક્ષનો વોટશેર પણ ઘટ્યો છે. અગાઉ વર્ષ ૨૦૨૧ની ગાંધીનગર મનપાની ચૂંટણીમાં આપએ વોર્ડ નંબર ૬માં જીત મેળવીને પોતાનું ખાતું ખોલાવ્યું હતું. તે વખતે વોર્ડ નંબર ૬માં ભાજપની પેનલ તૂટી હતી, જેની સામે આ વખતે પક્ષ એક પણ બેઠક મેળવવામાં નિષ્ફળ રહ્યો છે.

વર્ષ ૨૦૨૬ની આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ૧૧ વોર્ડમાં કુલ ૩૨ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા, પરંતુ પરિણામો આવતા જ પક્ષ માટે માઠા સમાચાર સામે આવ્યા છે. વર્ષ ૨૦૨૬ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ૧૧ વોર્ડમાં કુલ ૩૨માંથી એક પણ ઉમેદવાર જીતી શક્યો નથી. ચૂંટણી લડેલા તમામ ૩૨એ ૩૨ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ છે. ૨૦૨૧ની સરખામણીએ આ વખતે આમ આદમી પાર્ટીના વોટશેરમાં ભારે ઘટાડો નોંધાયો છે, જે દર્શાવે છે કે મતદારોનો ઝુકાવ આ વખતે છઈઁ તરફ રહ્યો નથી.

જો વર્ષ ૨૦૨૧ની ગાંધીનગર મનપા ચૂંટણીની સરખામણી કરીએ તો સ્થિતિ તદ્દન અલગ રહી છે. હવે વર્ષ ૨૦૨૧ની ચૂંટણીની વાત કરીએ તો આમ આદમી પાર્ટીએ ગાંધીનગરમાં ધમાકેદાર એન્ટ્રી કરીને પોતાનું ખાતું ખોલાવ્યું હતું. વોર્ડ નંબર ૬ માં ભાજપની આખી પેનલ જીતી શકી નહોતી. ભાજપમાંથી ગૌરાંગ રવિન્દ્ર વ્યાસ, પ્રેમલતા મહેરિયા અને ભાવનાબેન ગોલની જીત થઈ હતી, જ્યારે ચોથી બેઠક પર આપના તુષાર પરીખ વિજેતા બન્યા હતા. આમ, વોર્ડ નંબર ૬માં ભાજપની પેનલ તોડીને આપએ સફળતાપૂર્વક ખાતું ખોલ્યું હતું. વર્ષ ૨૦૨૧માં મળેલી એ સફળતાને જાળવી રાખવામાં આમ આદમી પાર્ટી નિષ્ફળ રહી છે. વર્ષ ૨૦૨૬માં પક્ષના સુપડા સાફ થઈ ગયા છે અને ગાંધીનગર મનપામાંથી આખો પક્ષ બહાર ફેંકાઈ ગયો છે.

ગાંધીનગર મનપાની ચૂંટણીના પરિણામો સ્પષ્ટ સંકેત આપે છે કે ગુજરાતમાં 'ત્રીજા વિકલ્પ' તરીકે ઉભરવાનો પ્રયાસ કરી રહેલી આમ આદમી પાર્ટી સામે સ્થાનિક સ્તરે અનેક પડકારો છે.આપમાં મજબૂત સંગઠનનો અભાવ, સ્થાનિક મુદ્દાઓ પર પકડ ન હોવી અને મતદારોમાં વિશ્વાસ જાળવવામાં નિષ્ફળતાને કારણે ૨૦૨૧માં મળેલી સફળતા ૨૦૨૬ સુધીમાં સાવ ધોવાઈ ગઈ છે. બીજી તરફ, ભાજપે ગાંધીનગરમાં પોતાનું પકડ વધુ મજબૂત કરી છે અને કોંગ્રેસે પણ મહત્ત્વપૂર્ણ બેઠકો મેળવીને વિપક્ષ તરીકે પોતાની હાજરી નોંધાવી છે

## ગુજરાત પર રણનો ભયાનક પંજો: ૧.૦૨ કરોડ હેક્ટર જમીન બિનઉપજાઉ, વેરાન થવામાં દેશમાં ત્રીજો નંબર!



અમદાવાદ

ગુજરાતમાં જમીનનું ધોવાણ, ક્ષારનું વધતું પ્રમાણ અને રણીકરણની સમસ્યા અત્યંત ગંભીર સપાટીએ પહોંચી ગઈ છે. આ કારણોસર ૧ કરોડ કરતાં વધુ જમીન બિન-ઉપજાઉ અને રણ બનવાની પ્રક્રિયાનો સામનો કરી રહી છે. આ ચિંતાજનક પરિસ્થિતિને જોતા કૃષિ ક્ષેત્ર માટે પર જોખમ મંડરાયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને લીધે આગળ વધી રહેલી ખારાશ અને અનિયમિત હવામાનને કારણે જમીનની ફળદ્રુપતા ઝડપી ઘટી રહી છે. જે ખેતી માટે ખતરો સાબિત થઈ શકે છે. છેલ્લા આઠથી દશ વર્ષના ટુંકા ગાળાના જ રાજ્યના રણ અને બિન-ઉપજાઉ વિસ્તારમાં આશરે ૧.૮૫ લાખ હેક્ટરનો મોટો વધારો નોંધાયો છે.નકશા જુઓ

ગુજરાતમાં દરિયાનું ખારું પાણી જમીનમાં પ્રવેશી રહ્યા છે, જેના કારણે ભાલ, સૌરાષ્ટ્ર અને કચ્છની જમીન વધુ ખારી અને બિન-ઉપજાઉ બની રહી છે. આ ઉપરાંત વધુ પડતા ભૂગર્ભજળના ખેંચાણને લીધે જમીન સૂકી અને રેતાળ બની રહી છે. કેમિકલ યુક્ત ખાતરો અને જંતુનાશક દવાના આડેધડ વપરાશથી જમીનની કુદરતી ફળદ્રુપતા નાશ પામી રહી છે. જમીન વિરાન થવાની રેસમાં મહારાષ્ટ્ર અને રાજસ્થાન પછી ગુજરાત ત્રીજા ક્રમે રહ્યું છે.

બીજી તરફ, રાજ્યમાં અંધાધૂંધ ઔદ્યોગિકરણ અને ઝડપી શહેરીકરણની સીધી અસર ખેતીલાયક જમીન પર પડી રહી છે. છેલ્લા પાંચેક વર્ષમાં જ ગુજરાતની આશરે ૨.૨૮ લાખ હેક્ટર ફળદ્રુપ જમીન બિન-ખેતીલાયક બની છે. સૌથી ચોકાવનારી વાત એ છે કે, સૌથી વધુ ખેતીલાયક જમીન રહેણાંક અને વાણિજ્યિક બાંધકામો માટે બિન-ખેતીમાં ફેરવાઈ ગઈ છે.કૃષિ અને પર્યાવરણના નિષ્ણાતોના મતે, રણીકરણ અને આમારાશ ગુજરાત માટે લાલબત્તી સમાન છે. જો ઓર્ગેનિક ખેતી, દરિયાઈ વિસ્તારમાં ખારાશ નિયંત્રણ, વ્યાપક વૃક્ષારોપણ અને પાણીના યોગ્ય સંચય માટે માઈક્રો-ઈરિગેશન જેવા નક્કર પગલાં તાત્કાલિક ધોરણે લેવામાં નહીં આવે, તો રાજ્યમાં અન્ન અને ખેતી લાયક જમીનની ભારે અછત સર્જાશે તે દિવસો દૂર નથી.

જમીન બિન-ઉપજાઉ બનવાના મુખ્ય કારણો: ●વરસાદી પાણીના વહેણને લીધે ફળદ્રુપ માટીનું ધોવાતા જમીનની ગુણવત્તા બગડે છે.,●દરિયાના ખારા પાણી પ્રવેશશે જેથી જમીન બિન-ઉપજાઉ બની રહી છે.,●કેમિકલ યુક્ત ખાતર અને જંતુનાશક દવાના વપરાશથી જમીનની ફળદ્રુપતા નાશ પામે છે.,●ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને લીધે જમીન સૂકી અને રેતાળ બની છે.,●ખેતરોમાં પાણી ભરાઈ જતાં જમીનમાં ક્ષારનું પ્રમાણ વધે છે જે પાક માટે નુકસાનકારક છે.,●ફેક્ટરીઓનું કેમિકલયુક્ત દૂષિત પાણી છોડવાથી જમીન બિનઉપયોગી બને છે.,●જમીનની ફળદ્રુપતા ઘટવાથી પાકના ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

## પર્વતોમાં બરફવર્ષાથી હવામાન બદલાઈ ગયું ઉત્તર પ્રદેશ અને દિલ્હી માટે વરસાદની ચેતવણી

### હવામાન વિભાગનું કહેવું છે કે આગામી બે થી ત્રણ દિવસમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું પાછું ફરવાની ધારણા છે

નવીદિલ્હી

હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર અને ઉત્તરાખંડના પર્વતીય રાજ્યોમાં ભારે વરસાદ અને હિમવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાં હવામાન બદલાઈ ગયું છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ અને હરિયાણા સહિત અનેક રાજ્યોમાં આજે વરસાદ અને ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે. દિલ્હી-દ્નઝઈના કેટલાક વિસ્તારોમાં કરા પડવાની પણ શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વરસાદ, વાવાઝોડા અને ધૂળના તોફાન આવવાની સંભાવના છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના કેટલાક વિસ્તારોમાં આવતીકાલે અને પરમ દિવસે, ૧૪ અને ૧૫ ઓક્ટોબરે કરા અને વરસાદની ચેતવણી પણ જારી કરવામાં આવી છે.

બિહાર અને ઝારખંડમાંથી ચોમાસું વિદાય લેવાનું છે, ત્યારે આજે પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ-પૂર્વ રાજસ્થાનમાં ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હી-એનસીઆરમાં ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. પર્વતોમાં, આજે હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં કરા પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે.

દિલ્હીના હવામાનની વાત કરીએ તો, આકાશ વાદળછાયું રહેશે, કેટલાક સ્થળોએ હળવો વરસાદ થવાની સંભાવના છે, પરંતુ ભારે વરસાદની અપેક્ષા નથી. ગઈકાલે,દિલ્હીમાં સારો વરસાદ નોંધાયો હતો.

હિમાલય ક્ષેત્રમાં, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે, પહાડી રાજ્યોમાં વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાન જેવા રાજ્યોમાં વરસાદ પડશે.

આગામી બે દિવસમાં જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે. રાજૌરી, રામબન, પુલવામા, ડોડા અને અનંતનાગ જેવા જિલ્લાઓ માટે વરસાદ અને હિમવર્ષાની ચેતવણી જારી કરવામાં આવી છે.

પશ્ચિમ મધ્ય પ્રદેશમાં, ૧૫ થી ૧૬ ઓક્ટોબર દરમિયાન ઈન્દોર, ધાર, ઝાબુઆ, અલીરાજપુર, ખરગોન, ખંડવા, ઉજ્જૈન, દેવાસ, અગર-માલવા અને રતલામમાં વરસાદની સંભાવના છે.

પૂર્વી મધ્યપ્રદેશમાં, રેવા, સતના, મૈહર, શહડોલ, અનુપપુર, જબલપુર, કટની, ગ્વાલિયર, સિઓની, બાલાઘાટ અને છિંદવાડામાં ૧૬ ઓક્ટોબરથી ૧૮ ઓક્ટોબર સુધી વરસાદ પડવાની સંભાવના છે.

પશ્ચિમ બંગાળમાં ૧૪ થી ૧૮ ઓક્ટોબર સુધી અને બિહારમાં ૧૬ થી ૧૮ ઓક્ટોબર સુધી વરસાદ પડવાની સંભાવના છે.ઓડિશામાં પણ ૧૮ ઓક્ટોબર સુધી હળવો વરસાદ પડવાની સંભાવના છે.

અરુણાચલ પ્રદેશમાં ૧૪ થી ૧૭ ઓક્ટોબર સુધી, આસામ અને મેઘાલયમાં ૧૩ થી ૧૮ ઓક્ટોબર સુધી અને નાગાલેન્ડ, મિઝોરમ, મણિપુર અને ત્રિપુરામાં વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ અને ત્રિપુરામાં પણ વાવાઝોડા અને વીજળી પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે.

ઉત્તરી કર્ણાટકમાં ૧૭ થી ૧૮ ઓક્ટોબર સુધી ભારે વરસાદ પડવાની સંભાવના છે. ૧૫ અને ૧૬ ઓક્ટોબરે રાયલસીમા ક્ષેત્રમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે.

આગામી ત્રણથી ચાર દિવસમાં કેરળ, માહે, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

હવામાન વિભાગનું કહેવું છે કે આગામી બે થી ત્રણ દિવસમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું પાછું ફરવાની ધારણા છે. ઉત્તરપૂર્વ ચોમાસું આગામી પાંચથી છ દિવસમાં પાછું ફરવાની ધારણા છે. આનાથી આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક અને પુડુચેરીના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. ચોમાસું બિહારના સુપૌલ, ઝારખંડના રાંચી, છત્તીસગઢના બીજાપુર, ઓડિશાના સુંદરગઢ, તેલંગાણાના હૈદરાબાદ, કર્ણાટકના બેલગામ અને ગોવાના પણજીમાંથી પસાર થઈ રહ્યું છે. આગામી બે દિવસમાં આ વિસ્તારોમાંથી ચોમાસું પાછું ખેંચી લેશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બંગાળ, બિહાર અને ઝારખંડમાં પણ ચોમાસું પાછું ખેંચી લેવાનું શરૂ થઈ ગયું છે.

## ગુજ્જુ લવ ગુરુ ચંદન રાઠોડના પરિવારને ખજૂરભાઈનો સહારો, ૩ રૂમ-રસોડાના ઘરનું ખાતમુહૂર્ત

પાલનપુર

સોશિયલ મીડિયા પર ૨ મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવતા સુઈગામના જાણીતા ક્રિએટર ચંદન રાઠોડ ઉર્ફે 'ગુજ્જુ લવ ગુરુ'નું માર્ગ અકસ્માતમાં દુ:ખદ નિધન થતાં તેમના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ દુ:ખદ ઘટના બાદ અનેક કલાકારો, સોશિયલ મીડિયા ક્રિએટરો અને રાજકીય આગેવાનો પરિવારની મદદ માટે આગળ આવ્યા છે. ત્યારે સેવાકીય કાર્યો માટે જાણીતા નીતિન જાની ઉર્ફે ખજૂરભાઈએ પણ ચંદનના પરિવારને મદદરૂપ થવા પોતાના ખર્ચે નવું ઘર બનાવી આપવાની જાહેરાત કરી હતી. આ જાહેરાતને પગલે નવા ઘરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ચંદન રાઠોડનું ભાભર નજીક માર્ગ અકસ્માતમાં મોત થયું હતું. તેમના નિધન બાદ અનેક લોકોએ શ્રદ્ધાંજલિરૂપે પરિવારને આર્થિક સહયોગ આપ્યો હતો. મળતી માહિતી મુજબ, અંદાજે સાડા ત્રણ કરોડ રૂપિયાથી વધુની રકમ તેમના પિતાના બેંક ખાતામાં જમા થઈ હતી. બીજી તરફ, ખજૂરભાઈએ ચંદનના પરિવારને રહેવા માટે ત્રણ રૂમ અને એક રસોડું ધરાવતું ઘર બનાવી આપવાની જાહેરાત કરી હતી. આજે આ ઘરનું ખાતમુહૂર્ત થતાં પરિવારને આશ્રય આપવાની દિશામાં કામગીરી શરૂ થઈ છે. આ સેવાકાર્યમાં અનેક સોશિયલ મીડિયા ક્રિએટરો અને સમાજસેવી વ્યક્તિઓ પણ સહયોગ આપી રહ્યા છે.



આ ઉપરાંત, માર્ગ અકસ્માતો અટકાવવા અને વાહનચાલકોમાં સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે નીતિન જાની દ્વારા ૨,૦૦૦ હેલ્મેટનું વિતરણ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. હેલ્મેટ વિના ટુ-વ્હીલર ચલાવવાથી અકસ્માતમાં ગંભીર ઈજા થવાનું જોખમ વધી જાય છે. આ પહેલના માધ્યમથી વાહનચાલકોને હેલ્મેટ પહેરવાનો સંદેશ આપવામાં આવશે. ખજૂરભાઈએ અન્ય સોશિયલ મીડિયા ક્રિએટરોને પણ આવા સેવાકીય કાર્યોમાં આગળ આવીને જરૂરિયાતમંદ પરિવારોને મદદ કરવા અપીલ કરી છે. ચંદનના પરિવારને ઘર બનાવી આપવાની પહેલ અને હેલ્મેટ વિતરણની જાહેરાતે માનવતા તથા માર્ગ સુરક્ષાનો સંદેશ આપ્યો છે.

નોંધનીય છે કે, સુઈગામના એક અત્યંત સામાન્ય પરિવારમાંથી આવતા ચંદન રાઠોડે પોતાની અથાક મહેનત અને અનોખી કલાના જોરે ડિજિટલ પ્લેટફોર્મ પર એક અલગ જ ઓળખ ઊભી કરી હતી. ઉત્તર ગુજરાત અને બનાસકાંઠા પંથકની ગ્રામીણ લોકબોલીમાં હાસ્ય વીડિયો બનાવીને તેઓ લોકોને મનોરંજન પૂરું પાડતા હતા. તેમની દેશી અને સરળ કોમેડી શૈલી લોકોને ખૂબ જ પસંદ પડતી હતી. તેઓ માત્ર હાસ્ય જ નહીં, પરંતુ રમુજ સાથે સામાજિક સંદેશ આપતા વીડિયો બનાવીને પણ લોકોના દિલમાં વસી ગયા હતા.

ઝાયડસ હૉસ્પિટલ, વડોદરા દ્વારા ગોધરામાં આયોજીત સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર્સની ઓપીડી

zydus hospitals Vadodara

16 ઓક્ટોબર, 2026, શુક્રવાર

મગજ અને સ્પાઈનને લગતા રોગોના નિષ્ણાંત
ડૉ. ભગવતી સલગોત્રા

લક્ષણો
• મગજમાં કેન્સરની ગાંઠ • મગજમાં રસી
• પિટ્યૂટરીગ્લેન્ડની ગાંઠ • ગરદન તેમજ કમરનો દુ:ખાવો • મણકાનો દુ:ખાવો
• મણકાની ગાદી ખસવી • અકસ્માતમાં મણકા અને કરોડરજ્જુને નુકશાન
• ચેતાતંતુની ગાંઠ

સવારે 11:00 થી 1:00

પદ્મનાભ સર્જીકલ હૉસ્પિટલ, જલારામ પ્લાઝાની પાછળ,પોલીસ હેડ ક્વાર્ટર્સની બાજુમાં, ગોધરા

રજીસ્ટ્રેશન માટે સંપર્ક
70690 35112, 84605 35090

ઝાયડસ હૉસ્પિટલ, અક્ષર ચોક, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા – 390 020, ગુજરાત.

## સોલાર ડિફેન્સે ભારતીય સેનાને ૪૫૦ નાગસ્ત્ર-૧ઈ લોઈટરિંગ દારૂગોળોનો સૌથી મોટો જથ્થો પહોંચાડ્યો

નવીદિલ્હી

સોલાર ડિફેન્સ એન્ડ એરોસ્પેસ લિમિટેડ (એસડીએએલ) એ ભારતીય સેનાને એક જ માલમાં ૪૫૦ લોઈટરિંગ દારૂગોળાનો પુરવઠો પૂર્ણ કરીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. કંપનીના જણાવ્યા અનુસાર, કોઈપણ ઉત્પાદક દ્વારા ભારતીય સેનાને પૂરા પાડવામાં આવેલા લોઈટરિંગ દારૂગોળાની આ સૌથી મોટી શિપમેન્ટ છે. ભારતીય સેનાએ કટોકટી ખરીદી હેઠળ નાગસ્ત્ર-૧ઈ માટે ઓર્ડર આપ્યો હતો.

માર્ચ ૨૦૨૫ માં મહારાષ્ટ્રના મકલોહમાં એસડીએએલ ખાતે હાથ ધરવામાં આવેલા ટેકનિકલ ટ્રાયલ્સમાં ચાર કંપનીઓએ ભાગ લીધો હતો. કંપનીના જણાવ્યા અનુસાર, આ ટ્રાયલ્સમાં ફક્ત એસડીએએલ જ બધા ઓપરેશનલ ધોરણોને પૂર્ણ કરે છે. નાગસ્ત્ર-૧ઈ ને સેનાની ચોક્કસ જરૂરિયાતો અનુસાર બનાવવામાં આવ્યું છે. તેનો ઉપયોગ ટૂંકા અંતરના ઓપરેશનમાં કામિકાઝે હુમલાઓ માટે થઈ શકે છે. તેમાં મિશનને રદ કરવાનો અને ડ્રોનને સુરક્ષિત રીતે પુન:પ્રાપ્ત કરવાનો વિકલ્પ પણ છે.

કંપનીના જણાવ્યા અનુસાર, સિસ્ટમની ચોકસાઈનું મૂલ્યાંકન અનેક જીવંત ટ્રાયલ દરમિયાન લક્ષ્યોને હિટ કરવાની તેની ક્ષમતાના આધારે કરવામાં આવ્યું હતું. ઈરાન, યુએસ અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષોને ધ્યાનમાં રાખીને, આ સ્વદેશી રીતે વિકસિત સિસ્ટમને ઓછી કિંમતની, ચોકસાઈ સ્ટ્રાઈક ક્ષમતા તરીકે ઓળખવામાં આવી રહી છે. એસડીએએલ હવે તેની લોઈટરિંગ મ્યુનિશન સિસ્ટમ્સના જમાવટને વધુ વિસ્તૃત કરવા અને ભારતીય સશસ્ત્ર દળો સાથે લાંબા ગાળાના સહયોગને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ભારતીય નૌકાદળે તાજેતરમાં આઈએનએસ મંગરોલને કમિશન કર્યું છે.

સ્વદેશી લોઈટરિંગ મ્યુનિશન, નાગસ્ત્ર-૧, બેંગ્લોરના ઝેડ મેનની સહાયથી, નાગપુર સ્થિત સોલાર ઈન્ડસ્ટ્રીઝની પેટાકંપની, ઈકોનોમિક્સ એક્સપ્લોઝિવ્સ લિમિટેડ દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું હતું. કંપની જણાવે છે કે નાગસ્ત્ર-૧, ૭૫% થી વધુ સ્વદેશી સામગ્રી સાથે, ઘણી વિશ્વ-સ્તરીય સુવિધાઓ ધરાવે છે. ડ્રોન ટેકનોલોજી લશ્કરી કામગીરીમાં મહત્વપૂર્ણ સાબિત થઈ છે અને તાજેતરના સંઘર્ષોમાં, ખાસ કરીને આર્મેનિયા-અઝરબૈજાન, સીરિયા, સાઉદી અરેબિયાના તેલ ક્ષેત્રો અને રશિયા-યુક્રેનમાં નોંધપાત્ર રીતે ઉપયોગમાં લેવાય છે.

## આજે ભારત "વસુધૈવ કુટુમ્બકમ" ની ભાવના સાથે આગળ વધી રહ્યું છે, અમિત શાહ

નવીદિલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીમાં બ્રિમ્સટેક ગૃહમંત્રીઓની પ્રથમ બેઠકને સંબોધિત કરી. ગૃહમંત્રીએ કહ્યું, "આ ઉદ્ઘાટન બેઠકમાં હાજર રહેલા તમામ આદરણીય મંત્રીઓ અને પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ માટે, બ્રિમ્સટેક ગૃહમંત્રીઓની પ્રથમ બેઠકનું આયોજન કરવું ભારત માટે ખૂબ જ ગર્વ અને સન્માનની વાત છે. બ્રિમ્સટેક પ્રાદેશિક એકીકરણ, આર્થિક સહયોગ અને સામૂહિક સુરક્ષા માટે એક આવશ્યક પ્લેટફોર્મ બની ગયું છે."

ગૃહમંત્રીએ કહ્યું કે આજે ભારત "વસુધૈવ કુટુમ્બકમ" ની ભાવના સાથે આગળ વધી રહ્યું છે. આપણે હંમેશા શાંતિ, શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને માનવ કલ્યાણ માટે પ્રતિબદ્ધ રહ્યા છીએ, અને આજે પણ આ સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધ છીએ. ભારતે ક્યારેય કોઈ દેશ પર આક્રમણ કે પ્રભુત્વ મેળવવામાં માન્યું નથી. ભારત હંમેશા બધા દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવામાં અને મતભેદોના શાંતિપૂર્ણ ઉકેલમાં માને છે."

ગૃહમંત્રી અમિત શાહે ડ્રગ હેરફેર પર કહ્યું, "આ આપણા યુવાનો, આપણા સમાજ, આપણી સંસ્કૃતિ અને ભાવિ પેઢીઓના જીવન પર હુમલો છે." આને કોઈ એક દેશના પ્રયાસોથી રોકી શકાતું નથી. આપણે પ્રદેશ-વ્યાપી અભિગમ અપનાવવો જોઈએ. ગેરકાયદેસર ડ્રગ હેરફેર સંગઠિત ગુનાઓને નાણાકીય સહાય પૂરી પાડે છે અને આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. ડાર્ક વેબ દ્વારા કરવામાં આવતા પૂર્વગામી રસાયણો અને વ્યવહારોનો દુરુપયોગ આ પડકારને વધુ મુશ્કેલ બનાવે છે.

માનવ તસ્કરી પણ આપણી સહિયારી સુરક્ષા અને માનવ અધિકારો માટે એક ગંભીર પડકાર છે. ઓળખવામાં સહયોગ, પીડિતોને બચાવવા, સહાય કરવા, પુનર્વસન કરવા અને સુરક્ષિત રીતે તેમના દેશોમાં પરત મોકલવા એ આપણા સામૂહિક પ્રયાસોનો મહત્વપૂર્ણ ભાગ રહેવો જોઈએ.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ બેંગકોકમાં આયોજિત છઠ્ઠા બ્રિમ્સટેક સમિટ દરમિયાન કહ્યું હતું કે બ્રિમ્સટેક આપણા માટે માત્ર એક પ્રાદેશિક સંગઠન નથી, પરંતુ સમાવિષ્ટ વિકાસ અને સુરક્ષાનું એક મોડેલ છે. આ દ્રષ્ટિકોણને આગળ ધપાવતા, ગૃહમંત્રી તરીકે આપણી જવાબદારી છે કે આપણે આપણા સહયોગને વ્યવહારિક વ્યવસ્થામાં રૂપાંતરિત કરીએ."

મહિસાગર - છોટાઉદેપુર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, સંખેડા,બોડેલી
પંચમહાલ સમાચાર

# પિલોદરામાં જાહેર જમીન પર દબાણના આક્ષેપ, બે મહિલાઓને પંચાયતની નોટિસ

**પાકાં શૌચાલય દૂર કરવા સાત દિવસની મુદત; ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવાની ચેતવણી.**

બાલાસિનોર, મહીસાગર જીલ્લાના બાલાસિનોર તાલુકાના પિલોદરા ગામમાં જાહેર હેતુ માટે અનામત જમીન પર દબાણ થયાના આક્ષેપ મામલે ગ્રામ પંચાયતે કાર્યવાહી હાથ ધરી છે. પંચાયત દ્વારા બે મહિલાઓને અલગ-અલગ નોટિસ પાઠવી જમીન પર બનાવવામાં આવેલાં પાકાં શૌચાલય સાત દિવસમાં સ્વેચ્છાએ દૂર કરવા સૂચના આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મનુબેન દેસાઈભાઈ પટેલિયા અને સુમિત્રાબેન જયેશભાઈ પટેલિયાને તા. ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ નોટિસ આપવામાં આવી છે. નોટિસમાં સરકારી રેકોર્ડ મુજબ ઢોર પૂરવાના ડબ્બા (કેટલ પાઉન્ડ)ના જાહેર હેતુ માટે અનામત જમીન પર મંજૂરી વિના પાકાં શૌચાલય બનાવવામાં આવ્યાં હોવાનો ઉલ્લેખ કરાયો છે.

ગ્રામ પંચાયતે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૦૫ હેઠળ કાર્યવાહી કરવાની ચેતવણી આપતાં જણાવ્યું છે કે નિર્ધારિત સમયમર્યાદામાં દબાણ દૂર કરવામાં નહીં આવે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને તોડકામનો ખર્ચ સંબંધિત વ્યક્તિઓ પાસેથી વસૂલવામાં



આવી શકે છે.

નોટિસમાં સંબંધિત મહિલાઓને પોતાનો પક્ષ રજૂ કરવાની તક પણ આપવામાં આવી છે. તેઓ જરૂરી પુરાવા સાથે ગ્રામ પંચાયત કચેરીમાં રૂબરૂ હાજર રહી ખુલાસો રજૂ કરી શકે છે.

હવે સાત દિવસની મુદત દરમિયાન સંબંધિત વ્યક્તિઓ દ્વારા શું રજૂઆત કરવામાં આવે છે અને ગ્રામ પંચાયત આગળ શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર રહેશે.

# છોટાઉદેપુરમાં સાંસદ એ રાજકીય વિરોધીઓ પર પ્રહાર



છોટા ઉદેપુર, છોટા ઉદેપુરના વસેડી ખાતે ગ્રામ પંચાયતના લોકાર્પણ પ્રસંગે યોજાયેલા જાહેર કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદ મુકેશ રાઠવાએ રાજકીય વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જાહેર મંચ પરથી પડકાર ફેંકતા જણાવ્યું હતું કે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં વિરોધીઓને ઘરમાંથી બહાર નીકળવા દેવામાં આવશે નહીં. આ કાર્યક્રમમાં લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

જાહેર મંચ પરથી વિરોધીઓને આકરો પડકાર મુકેશ રાઠવાએ વિરોધીઓ પર નિશાન સાધતાં કહ્યું કે કેટલાક લોકો તેમને ૨૦૨૭માં ઘરભેગા કરવાની વાતો કરી રહ્યા છે. તેમણે સામે પડકાર ફેંકતા જણાવ્યું કે અમારા સરપંચોના મોઢા અને નેતાઓના કામો જોઈ લો, ૨૦૨૭ની ચૂંટણીમાં તમને જ ઘરમાંથી બહાર નીકળવા નહીં દઈએ.

સોશિયલ મીડિયામાં અફવા ફેલાવનારા પર પ્રહાર સોશિયલ મીડિયા પર સક્રિય વિરોધીઓનો સામનો કરતાં તેમણે કોકરોચ અને માકડિયાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે કેટલાક લોકો મોબાઈલમાં વંદા બનીને જનસેવાની મોટી મોટી વાતો ફેલાવી રહ્યા છે અને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

દેશદ્રોહીઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી સાંસદે દેશની સુરક્ષા અને સરકારની નીતિઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે આ નેપાળ, બાંગ્લાદેશ કે લંકાની નહીં પણ વડાપ્રધાન મોદીની મજબૂત સરકાર છે. આ સરકારમાં આતંકવાદીઓ અને દેશદ્રોહીઓને ઘરમાં ઘૂસીને મારવામાં આવે છે.વિધાનસભા ચૂંટણી પહેલાં ગરમાયેલું રાજકારણ ૨૦૨૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીને હજુ વાર છે ત્યારે સાંસદના આ આકરા નિવેદનોથી સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. તેમના આ નિવેદનની સમગ્ર જીલ્લામાં અને રાજકીય વર્તુળોમાં જોરશોરથી ચર્ચા ચાલી રહી છે.

# કવાંટના સેડીવાસણ ગામે ૧.૫૦ કરોડના ખર્ચે માર્ગનું ખાતમુહૂર્ત કરાયું



કવાંટ, છોટાઉદેપુર જીલ્લાના કવાંટ તાલુકાના સેડીવાસણ ગામમાં એક મહત્વના માર્ગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ૧૩ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાના હસ્તે આ કામ શરૂ થયું. આ રસ્તો આશરે દોઢ કરોડ રૂપિયાના ખર્ચે બનશે.

આ રસ્તો આરતીયા તરફ જતા મુખ્ય માર્ગથી સેડીવાસણ, જાંબાણ ફળીયા પ્રાથમિક શાળા તરફ જશે. આ પ્રોજેક્ટ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના ૨૦૨૫-૨૬ હેઠળ મંજૂર થયો છે.

આ કામ નવ મહિનામાં પૂરૂં કરવાનું લક્ષ્ય છે. તેમાં માટીકામ, મેટલ, ડામરકામ, પ્રોટેક્શન વોલ અને પાઈપ નાળા બનાવવાનો સમાવેશ થાય છે.

આ નવા રસ્તાથી કવાંટ તાલુકાના અંતરિયાળ આદિવાસી ગામો તાલુકા મથક સાથે જોડાશે. તેનાથી શિક્ષણ અને આરોગ્ય સેવાઓ મેળવવામાં લોકોને ઘણી મદદ મળશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં આગેવાનો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# ખેલ મહાકુંભમાં સંખેડાના કલ્પેશ બારીયા ચેસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું



સંખેડા, છોટાઉદેપુર જીલ્લામાં ચાલી રહેલા ખેલ મહાકુંભમાં સંખેડાના કલ્પેશ બારીયાએ ચેસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેમણે ૪૦ પ્લસ એજ કેટેગરીમાં આ સિદ્ધિ હાંસલ કરી છે.

જીલ્લા કક્ષાએ યોજાયેલી આ સ્પર્ધામાં કલ્પેશ બારીયાએ તમામ હરીફોને પાછળ રાખી સંખેડા તાલુકાનું ગૌરવ વધાર્યું છે.

તેમની આ જીતથી સંખેડા પંથકમાં ખુશીનો માહોલ છે. મિત્રો, પરિવારજનો અને રમત પ્રેમીઓ તેમને અભિનંદન પાઠવી રહ્યા છે. હવે તેઓ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં છોટાઉદેપુર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# દીવડા કોલોની વસાહત વાસીઓના ખેતી સમસ્યાનો ઉકેલ લવાયો

દિવડા કોલોની, દીવડા કોલોની વસાહતમાં છેલ્લા કેટલાક લાંબા સમયથી અનેકવિધ પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેલી અને લગભગ મૃતઃપ્રાય જેવી સ્થિતિમાં ધકેલાઈ ગયેલી આ વસાહતમાં હવે સિંચાઈ વિભાગના સક્રિય અને સરાહનીય પ્રયાસોથી વિકાસના અજવાળાં પાથરાયા છે. અધિકારીઓના ઉત્તમ પરસ્પર સંકલન અને દ્રઢ ઈચ્છાશક્તિના પરિણામે વસાહતમાં નવું જીવન સંચારિત થયું છે.

ભૂતકાળમાં દીવડા કોલોનીની સ્થિતિ અત્યંત દયનીય જોવા મળતી હતી. વિસ્તારમાં બિસ્માર અને ખાડાટેકડાવાળા રસ્તાઓ, ઉભરાતી ગટરો તેમજ મુખ્ય માર્ગોની આસપાસ વ્યાપેલા અંધારપટને કારણે સ્થાનિક નાગરિકોને દૈનિક જીવનમાં ભારે હાલાકી વેઠવી પડતી હતી અને રાત્રિના સમયે અવરજવર કરવી પણ મુશ્કેલ બનતી હતી.

વસાહતવાસીઓની આ લાંબા સમયની અને વ્યાજબી માંગણીઓને ગંભીરતાથી લઈને સિંચાઈ વિભાગ દ્વારા ૧.૭૮ કરોડ રૂપિયાના માતબર ખર્ચે સત્વરે સકારાત્મક પગલાં લેવામાં આવ્યા છે.

સિંચાઈ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા આ વિકાસ કાર્યોના પરિણામે આજે વસાહતનું ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ રહ્યું છે. વસાહતમાં અવરજવર માટે અત્યાધુનિક અને ગુણવત્તાસભર નવીન રસ્તાઓનું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આ સાથે જ લાંબા સમયથી પરેશાન કરતી ગટર લાઈનોની સમસ્યાનો કાયમી ઉકેલ લાવી દેવાયો છે.એટલું જ નહીં, પરંતુ મુખ્ય માર્ગો અને શેરીઓમાં છવાયેલા અંધારપટને દૂર કરવા માટે નવી સ્ટ્રીટલાઈટ્સની સત્તાવાર મંજૂરી પણ મળતા હવે આખો વિસ્તાર રાત્રે પણ ઝળહળી ઉઠવાનો છે.આગામી સમયમાં નવરાત્રી અને દિવાળી જેવા પવિત્ર તથા ઉત્સવપ્રિય તહેવારો આવી રહ્યા છે. આવા સમયે તંત્ર દ્વારા સમયસર કરવામાં આવેલા આ વિકાસ કાર્યોથી વસાહતવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# છોટા ઉદેપુરના ડકવાડા પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતમાં વિદ્યાર્થીનું મોત : બે ને ઈજાઓ



છોટા ઉદેપુર, છોટા ઉદેપુરના ખડકવાડા ખાતે આજે સવારે ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બાઈક પર સવાર અન્ય બે વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતને પગલે સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી.

કનાસ ગામના અશોકભાઈ રાઠવાનું મોત મળતી માહિતી મુજબ, કનાસ ગામના અશોકભાઈ રામસિંગભાઈ રાઠવા પોતાના મિત્રો સાથે મોટરસાયકલ પર ખડકવાડાથી કનાસ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી આવતા ટ્રકની અડફેટે બાઈક આવી ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક સવાર અશોકભાઈ રાઠવાને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પર સવાર અન્ય બે વિદ્યાર્થીઓને ઈજાઓ પહોંચતાં તેમને સારવાર માટે છોટા ઉદેપુરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ટ્રક ચાલક વાહન મૂકીને ફરાર અકસાનત સર્જાયા બાદ ટ્રક ચાલક ટ્રક ઘટનાસ્થળે મૂકીને ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં રંગપુર પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# છોટા ઉદેપુર નગર પાલિકા વોર્ડ-જની પેટાચૂંટણીમાં ભાજપનો વિજય

છોટા ઉદેપુર, છોટા ઉદેપુર નગરપાલિકાના વોર્ડ નંબર-જમાં યોજાયેલી પેટાચૂંટણીનું પરિણામ જાહેર થતાં ભાજપે જીત મેળવી છે. ભાજપનાં મહિલા ઉમેદવાર રજનીબેન જયદીપભાઈ રાઠવાએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોને હરાવી ૭૫૨ મતની સરસાઈથી વિજય મેળવ્યો છે. પરિણામ જાહેર થતાં જ ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

ભાજપનાં રજનીબેન રાઠવાને ૧૧૦૮ મત મળ્યા છોટા ઉદેપુર નગરપાલિકાના વોર્ડ નંબર-જના એક સભ્યની બેઠક માટે પેટાચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો હતો. આજે જાહેર થયેલા પરિણામમાં ભાજપનાં ઉમેદવાર રજનીબેન જયદીપભાઈ રાઠવાને સૌથી વધુ ૧૧૦૮ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર અર્જુનભાઈ રણજીતભાઈ રાઠવાને ૩૫૬ મત અને આમ આદમી પાર્ટીનાં ઉમેદવાર કૈલાશબેન ભાવસિંહભાઈ રાઠવાને ૩૨૬ મત મળ્યા હતા. આમ, રજનીબેન રાઠવા ૭૫૨ મતની સરસાઈ સાથે વિજેતા જાહેર થયાં હતાં.

પૂર્વ સભ્યનું પદ રદ થતાં પેટાચૂંટણી યોજાઈ છોટા ઉદેપુર નગરપાલિકાના વોર્ડ નંબર-જનાં પૂર્વ પ્રમુખ અને પૂર્વ સભ્ય મંજુલાબેન કોલીનો જાતિનો દાખલો ખોટો ઠરતાં તેમનું સભ્યપદ રદ કરવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે ખાલી પડેલી બેઠક પર પેટાચૂંટણી યોજવાની જરૂર ઊભી થઈ હતી. ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવાર રજનીબેન રાઠવાએ જીત મેળવીને બેઠક પર કબજો જમાવ્યો છે.

જીત બાદ ભાજપના કાર્યકરોમાં જશ્નનો માહોલ પેટાચૂંટણીમાં ભાજપનાં મહિલા ઉમેદવાર રજનીબેન જયદીપભાઈ રાઠવાની જીત જાહેર થતાં જ પક્ષના



કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ૭૫૨ મતની સરસાઈથી મળેલી જીતને પગલે કાર્યકરોએ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. વોર્ડ નંબર-જની આ પેટાચૂંટણીમાં ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે વિજય મેળવી પોતાની સ્થિતિ મજબૂત કરી છે.

# દાહોદ જીલ્લામાં સિનિયર સિટીઝન રમત સ્પર્ધા-૨૦૨૬નું આયોજન

દાહોદ, ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત અને જીલ્લા રમત-ગમત અધિકારી, જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા સંચાલિત સિનિયર સિટીઝન રમત સ્પર્ધા-૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે.

આ સ્પર્ધામાં ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન ભાઈઓ અને બહેનો માટે એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ અને રસ્સાખેંચ જેવી વિવિધ રમતો યોજાશે. સિનિયર સિટીઝનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે, તેઓ શારીરિક અને માનસિક રીતે સક્રિય રહે તેમજ રમતગમત વિભાગની પ્રવૃત્તિઓ સાથે જોડાય તેવા ઉમદા હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા દાહોદ જીલ્લાના સિનિયર સિટીઝન ભાઈઓ અને બહેનોએ નિયત નમૂનાનું પ્રવેશપત્ર જીલ્લા રમત-ગમત અધિકારી, જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, દેવગઢ બારિયા, જીલ્લા દાહોદ ખાતેથી મેળવી, તેમાં સંપૂર્ણ વિગતો ભરીને તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં જમા કરાવવાનું રહેશે.પ્રવેશપત્ર સાથે ડોક્ટરનું ફિટનેસ સર્ટિફિકેટ તથા આધારકાર્ડની નકલ જોડવાની રહેશે. નિયત સમયમર્યાદામાં પ્રાપ્ત થયેલ પ્રવેશપત્રોના આધારે સ્પર્ધકોને સ્પર્ધાના વિગતવાર કાર્યક્રમ અંગે જાણ કરવામાં આવશે.

આથી, દાહોદ જીલ્લાના ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા તમામ ઈચ્છુક સિનિયર સિટીઝન ભાઈઓ અને બહેનોને આ રમત સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા જીલ્લા રમતગમત અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. સ્પર્ધા અંગે વધુ માહિતી મેળવવા માટે મોબાઈલ નંબર ૮૧૪૧૭૪૮૫૧૧ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## આપની આજ.......

મેષ: આજે મજબૂત આર્થિક બાજુના કારણે માન, કીર્તિ અને પ્રસિદ્ધિમાં વધારો થશે. અટકેલું કામ પૂરું થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

વૃષભ: તમને અન્યની મદદ કરવાથી રાહત મળશે, આજનો દિવસ દાનમાં વિતાવશો. વિદ્યાર્થીઓને તેમની તૈયારીઓ સુધારવાની તક મળશે. કાર્યક્ષેત્રમાં તમારી તરફેણમાં કેટલાક ફેરફાર થઈ શકે છે

મિથુન:આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થશે. સાંસારિક આનંદ માણવાના સાધનોમાં વધારો થશે. રોજગાર માટે પ્રયત્ન કરતા લોકોને સારા સમાચાર મળશે. આજે કોઈ સંબંધીને કારણે ટેન્શન વધી શકે છે.

કર્ક: આજનો દિવસ પરિવારના સભ્યો સાથે આનંદદાયક રહેશે અને કેટલાક શુભ કાર્યનું આયોજન થઈ શકે છે. ભાગ્ય તમારો સાથ આપશે, બપોર સુધીમાં તમને સારા સમાચાર પણ મળશે. રાજકીય ધન મળશે પણ ખર્ચા પર નજર રાખો.

સિંહ: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ કે મિલકત મેળવવાની ઈચ્છા આજે પૂરી થશે.

કન્યા: આજે વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. કૌટુંબિક સંપર્કો લાભદાયી રહેશે. વ્યવસાયમાં યોગ્ય સમયે લેવામાં આવેલા નિર્ણયો અસરકારક સાબિત થશે.

તુલા: વ્યાવસાયિક વ્યસ્તતા વધારે રહેશે અને વિવાદો પણ ઉકેલાશે. વિદ્યાર્થીઓને તેમની એકાગ્રતા જાળવવા માટે વધુ પ્રયત્નોની જરૂર પડશે. મોટી રકમની પ્રાપ્તિને કારણે ફંડની સ્થિતિ મજબૂત થશે.

વૃશ્ચિક: વેપારના ક્ષેત્રમાં રોકાણ તમારા માટે ફાયદાકારક સાબિત થશે અને તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો બની રહેશો. રાજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોનું સન્માન વધશે.

ધન: રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. વેપાર યોજનાઓ વેગ પકડશે અને સ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો, અટકેલા કામ પણ પૂર્ણ થશે. પાચન ધીમું છે અને આંખની સમસ્યા શક્ય છે.

મકર: માતાની તબિયત અચાનક બગડતા થવાના ભાગવાની સ્થિતિ અને વધુ ખર્ચ થઈ શકે છે. વિદ્યાર્થીઓએ સફળતા મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

કુંભ: વિવાહિત જીવન આનંદમય રહેશે. આજે નજીક અને દૂર પણ સકારાત્મક યાત્રા થઈ શકે છે. પારિવારિક વ્યવસાયમાં વધતી પ્રગતિથી ઘણી ખુશી મળશે. માતા-પિતાની સલાહ અને આશીર્વાદ ઉપયોગી સાબિત થશે.

મીન: વ્યાપાર ક્ષેત્રે મનનો સાનુકૂળ લાભ મળવાથી સુખ રહેશો. આર્થિક સ્થિતિ અપેક્ષા કરતા વધુ મજબૂત બનશે. રોજગાર બદલવાની યોજના છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સફળતા મળશે.

**જાહેર નોટીસ**

ગરબાડાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. આર.સી.રાઠોડ — મુ.તા.૨૧/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૨૭૬/૨૦૨૬ આંકઃ- ૦૪

| અરજદાર | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| કમજીભાઈ કાળુભાઈ અમલીયાર | ૫૪ | ખેતી | નેલસુર, (ઉંબેરી માળ ફ.), તા.ગરબાડા.જિ.દાહોદ |
| વિરુધ્ધ સામાવાળા | | | |
| તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત નેલસુર તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમના પુત્રના નામે સુરેશભાઈ કમજીભાઈ અમલીયાર નાઓની જન્મ તા.૦૧/૦૧/૧૯૮૯ ના રોજ મોજે ગામ નેલસુર, ઉબેરી માળ ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી - નેલસુર ના જન્મ-મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પુત્રની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૧૦ મી માહે ઓક્ટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

**જાહેર નોટીસ**

ગરબાડાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. આર.સી.રાઠોડ — મુ.તા.૨૧/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૨૭૫/૨૦૨૬ આંકઃ- ૦૪

| અરજદાર | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| સુરેશભાઈ કમજીભાઈ અમલીયાર | ૩૭ | ખેતી | નેલસુર, (ઉંબેરી માળ ફ.), તા.ગરબાડા.જિ.દાહોદ |
| વિરુધ્ધ સામાવાળા | | | |
| તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત નેલસુર તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમના પુત્રના નામે પિતરભાઈ સુરેશભાઈ અમલીયાર નાઓની જન્મ તા.૦૫/૦૫/૨૦૧૦ ના રોજ મોજે ગામ નેલસુર, ઉંબેરી માળ ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી - નેલસુર ના જન્મ-મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પુત્રની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૧૦ મી માહે ઓકટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

**જાહેર નોટીસ**

ગરબાડાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. આર.સી.રાઠોડ — મુ.તા.૨૧/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૨૬૨/૨૦૨૬ આંકઃ- ૦૪

| અરજદાર | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| સબુરભાઈ કાળીયાભાઈ માવી | પુખ્ત | ખેતી | નઢેલાવ, બારી ફળીયા તા.ગરબાડા.જિ.દાહોદ |
| વિરુધ્ધ સામાવાળા | | | |
| તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત નઢેલાવ તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમની પુત્રીના નામે ધર્મિશાબેન સબુરભાઈ માવી નાઓની જન્મ તા.૨૩/૦૪/૨૦૧૭ ના રોજ મોજે ગામ નઢેલાવ, બારી ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી - નઢેલાવ ના જન્મ-મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પુત્રીની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૦૭ મી માહે ઓક્ટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

**જાહેર નોટીસ**

ગરબાડાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. એચ.આર.મોરી — મુ.તા.૧૭/૧૦/૨૦૨૬ કિ.પ.અ.નં. ૨૭૦/૨૦૨૬ આંકઃ- ૦૪

| અરજદાર | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| રાઠોડ અંકિતકુમાર તખતસિંહ | ૩૦ | ખેતી | ગરબાડા, (શિવનગર) તા.ગરબાડા.જિ.દાહોદ |
| વિરુધ્ધ સામાવાળા | | | |
| તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત ગરબાડા તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમની દાદીના નામે રાઠોડ મોઘીબેન રૂપસિંહ નાઓની મરણ તા.૦૫/૦૮/૨૦૧૧ ના રોજ મોજે ગામ ગરબાડા, શિવનગર, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે થયેલ હોઈ તેઓની શરતચુકથી મરણની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી - ગરબાડા ના જન્મ-મરણ દફતરે મરણની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના દાદીની મરણની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૧૭/૧૦/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૦૮ મી માહે ઓક્ટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

# દાહોદ એલ.સી.બી. ટીમ દ્વારા આઠ મહીના પહેલા થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

**દાહોદમાં હાડા મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલના અંદાજે ૧૫ લાખ રૂપિયાની ચોરી પ્રકરણમાં આમલી ખજૂરીઆ ગામના બે તસ્કરોને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા.**

દાહોદ,

દાહોદ શહેરમાં આઠ માસ પહેલા શહેરમાં આવેલ હાડા મલ્ટી સ્પેશીયાલીસ્ટ હોસ્પિટલમાં તસ્કરો દ્વારા રૂપીયા ૧૫,૧૫,૦૦૦ની રોકડ રકમ લઈ અજાણ્યા ચોર ફરાર થઈ ગયા ની ઘટનામાં દાહોદ એલસીબી પોલીસે આ ચોરીની ઘટનામાં સંડોવાયેલા બે ચોરોને ચોરી ગયેલ પુરેપુરી રોકડ રકમ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા પોલીસની આ કામગીરીને પગલે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ગત તારીખ ૧૫.૦૨.૨૦૨૬ના સમય ગાળા દરમ્યાન દાહોદ શહેરના રળીયાતી રોડ ખાતે આવેલ હાડા મલ્ટી સ્પ શીયાલીસ્ટ હોસ્પિટલમાં અજાણ્યા ચોર ઈસમોએ હોસ્પિટલના ઓપ પી ડી નં.૦૧ના ટેબલના ત્રણ ડ્રોવર ના લોક તોડી તસ્કરો રોકડા રૂપીયા ૧૫,૧૫,૦૦૦ની રોકડ રકમ લઈ ફરાર થઈ ગયાં હતાં. આ ઘટના બાદ હોસ્પિટલના તબીબ દ્વારા દાહોદ બી ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે દાહોદ જીલ્લા પોલીસ વડા રવિરાજસિંહ જાડેજાએ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ આ ગુન્હામાં સંડોવાયેલ તસ્કરોને ઝડપી પાડવા દાહોદ એલસીબી પોલીસને જરૂરી સુચના અને માર્ગદર્શન પુરૂ પાડતાં દાહોદ એલસીબી પોલીસ છેલ્લા આઠ મહિનાથી આ ચોરીની ઘટનાનો ભેદ ઉકેલવા તેમજ તસ્કરોને ઝડપી પાડવા માટે ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમન સોર્સના માધ્યમથી તલસ્પર્શી તેમજ ઝીણવટ પુર્વક કામગીરી કરી રહી હતી. ત્યારે આ ચોરીની ઘટનાને અંજામ આપનાર આરોપીઓ જેમાં વિજયભાઈ ઉર્ફે ગીમા પાંગળાભાઈ મીનામા અને તેની સાથેનો અમરાભાઈ ઉર્ફે અમરસીંગભાઈ ધીરસીંગભાઈ ઉર્ફે



ગાંડો માનસીંગભાઈ પલાસ (બંન્ને રહે. આમલી ખજુરીયા, મીનામા ફળિયું, તા.ગરબાડા, જી.દાહોદ)નાઓ નુ સામ સામે આવતાં પોલીસે આ બંન્ને આરોપીઓ ને તેઓના આશ્રય સ્થાનેથી ઝડપી લાવી પોલીસ મથકે લઈ આવી હતી જ્યાં પોલીસે આ બંન્ને આરોપીઓની સઘન પુછપ રછ કરતાં પોલીસની પુછપરછમાં આ બંન્ને આરોપીઓ ભાંગી પડયાં હતાં અને આ બંન્ને આરોપીઓએ હાડા મલ્ટી સ્પેશીયાલિસ્ટ હોસ્પિટલમાં ઉપરોક્ત ચોરીને અંજામ આપ્યો હોવાની કબુલાત કરતી હતી. આ બાદ પોલીસે બંન્ને ઝડપાયેલ આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલ ૧૦૦ ટકા રકમ એટલે કે, ૧૫,૧૫,૦૦૦ની રોકડ રકમ પણ કબ્જે કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસ દ્વારા આ બંન્ને ઝડપ થયેલ ચોરોની પુછપરછ પણ ચાલુ છે અને આવનાર સમયમાં આ ચોરીની ઘટનામાં અન્ય સહ આરોપીઓ ના નામ ખુલી શકે તેવી સંભાવનાઓ નકારી શકાય તેમ નથી.આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# ઝાલોદની કે.આર. દેસાઈ કોલેજમાં સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ યોજાયો

**ડી.વાય.એસ.પી. ડી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ આયોજન; પી.આઈ. આર.જે. ગામીત અને આઈ.ટી. એક્સપર્ટ જાબીર ભાભોરે વિદ્યાર્થીઓને સાયબર છેતરપિંડીથી બચવા અંગે આપ્યું માર્ગદર્શન.**

ઝાલોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ નગરમાં સાયબર ગુનાઓ સામે જનજાગૃતિ કેળવવાના હેતુથી ઝાલોદ પોલીસ સ્ટેશન દ્વારા કે.આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો. નાયબ પોલીસ અધિક્ષક (ડી.વાય.એસ.પી.) ડી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં પી.આઈ. આર.જે. ગામીત તથા આઈ.ટી. એક્સપર્ટ જાબીર ભાભોર દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા અંગે સુંદર અને માર્ગદર્શક માહિતી આપવામાં આવી હતી.

ઓનલાઈન છેતરપિંડીના વિવિધ પ્રકારો અંગે અપાઈ સમજ : આજના ડિજીટલ યુગમાં ઓનલાઈન નાણાકીય છેતરપિંડી અને સોશિયલ મીડિયા મારફતે થતા સાયબર ગુનાઓથી બચવા માટે જાગૃતિ અત્યંત જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને યોજાયેલા કાર્યક્રમમાં પી.આઈ. આર.જે. ગામીત અને આઈ.ટી. એક્સપર્ટ જાબીર ભાભોરે વિદ્યાર્થીઓને UPI અને QR કોડ ફ્રોડ, OTP ફ્રોડ, ફેક કોલ, ફિશિંગ લિંક, નકલી વેબસાઈટ, સોશિયલ મીડિયા ફ્રોડ તથા ડિજીટલ અરેસ્ટના નામે થતી છેતરપિંડી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

સાયબર ગુનેગારો દ્વારા વિવિધ પ્રલોભનો અને ખોટી ઓળખનો ઉપયોગ કરીને લોકોની અંગત માહિતી તથા નાણાંની છેતરપિંડી કરવામાં આવતી હોય છે. આવી છેતરપિંડીથી બચવા માટે અજાણી લિંક પર ક્લિક ન કરવું, ઘઝ્ડ, બેંક ખાતાની વિગતો, અઝખ કે ડેબિટ કાર્ડની માહિતી કોઈની સાથે શેર ન કરવી અને અજાણ્યા વ્યક્તિઓની લાલચભરી ઓફરોથી સાવચેત રહેવું જોઈએ તે અંગે વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યા હતા.

સાયબર ફ્રોડનો ભોગ બન્યા હોય તો ૧૯૩૦ પર સંપર્ક કરવા અપીલ : કાર્યક્રમ દરમિયાન સાયબર છેતરપિંડીનો ભોગ બનનાર વ્યક્તિએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવો તેમજ સત્તાવાર વેબસાઈટ www.cybercrime.gov.in પર ફરિયાદ નોંધાવવી જોઈએ તે અંગે પણ માહિતી આપવામાં આવી હતી. સાથે જ સોશિયલ મીડિયા એકાઉન્ટની સુરક્ષા જાળવવા, ડિજીટલ વ્યવહારોમાં સાવચેતી રાખવા અને પોતાના પરિવારજનો તથા સમાજના અન્ય લોકોને પણ સાયબર ગુનાઓ અંગે જાગૃત કરવા અપીલ કરવામાં આવી હતી.

કોલેજના પૂર્વ આચાર્ય સહિત શિક્ષણગણ અને વિદ્યાર્થીઓ રહ્યા ઉપસ્થિત : આ કાર્યક્રમમાં કે.આર. દેસાઈ કોલેજના પૂર્વ આચાર્ય રાવ, પૂર્વ શિક્ષક પ્રવીણ પટેલ, કોલેજના આચાર્ય આશિષ મોદી સહિત શિક્ષણગણ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ વધારવાનો, ઓનલાઈન છેતરપિંડીથી બચવા માટે જરૂરી સાવચેતી કેળવવાનો અને ડિજીટલ માધ્યમોનો સુરક્ષિત ઉપયોગ કરવા પ્રેરિત કરવાનો હતો.

ઝાલોદ પોલીસની ટીમ દ્વારા સાયબર જાગૃતિ માટે સરાહનીય કામગીરી : સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમની કામગીરીમાં પી.આઈ. આર.જે. ગામીત, આઈ.ટી. એક્સપર્ટ જાબીરભાઈ ભાભોર, એ.એસ.આઈ. ખેતાભાઈ જગજીભાઈ તથા વુ.પો.કો. સંગીતાબેન શામજીભાઈએ મહત્વપૂર્ણ કામગીરી કરી હતી.

ઝાલોદ પોલીસ સ્ટેશન દ્વારા જનસેવા, જનસુરક્ષા અને સાયબર જાગૃતિના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓ સામે સાવચેત રહેવા, પોતાની અંગત માહિતી સુરક્ષિત રાખવા અને જવાબદાર ડિજીટલ વ્યવહાર અપનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## ગરબાડાના માતવાં ગામે ખુલ્લામાં મૂકેલી મકાઈના પાકમાં આગ લાગતાં ખેડૂતને મોટું નુકસાન

ગરબાડા,

ગરબાડા તાલુકાતાલુકાના માતવાં ગામના ભુરીયા ફળિયામાં ખેતરમાં વાઢીને ખુલ્લામાં રાખેલી મકાઈમાં અચાનક આગ લાગતાં ખેડૂત પર આભ તૂટી પડ્યું છે. મોંઘા ભાવનાં ખાતર–બીયારણ અને રાત–દિવસની મહેનત બાદ તૈયાર થયેલો પાક ક્ષણભરમાં બળીને ખાખ થઈ જતાં ખેડૂત પરિવારમાં ભારે નિરાશા છવાઈ ગઈ છે.ગરબાડા તાલુકાના માતવાં ગામના ભુરીયા ફળિયામાં રહેતા ખેડૂત રાકેશભાઈ ભુરીયાએ પોતાના ૧૦ વીઘા જમીનમાં વાવેલી મકાઈનો પાક વાઢીને ખેતરમાં ખુલ્લામાં ભેગો કરી રાખ્યો હતો. આ દરમિયાન અગમ્ય કારણોસર મકાઈના જથ્થામાં અચાનક ભીષણ આગ ભુકી ઊઠી હતી. આગના ધુમાડાના ગોટેગોટા જોઈને આસપાસના ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોએ સમયસૂચકતા વાપરી પાણીનો



છંટકાવ કરીને ભારે જહમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. પરંતુ, ત્યાં સુધીમાં રાકેશભાઈ ભુરીયાની ૧૦ વીઘા જમીનની તમામ મકાઈ બળીને ખાખ થઈ ચૂકી હતી.

મહેનતથી પકવેલો પાક નજર સામે જ બળીને રાખ થઈ જતાં ખેડૂત પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. પીડિત ખેડૂતે તંત્ર દ્વારા યોગ્ય સર્વે કરી આર્થિક વળતર તથા સહાય આપવામાં આવે તેવી માંગ કરી છે.

## 'નારીનું અપમાન, સહન નહીં કરાય'ના નારા સાથે દાહોદ જીલ્લા ભાજપ મહિલા મોરચાનો જૂની નગરપાલિકા ખાતે વિરોધ પ્રદર્શન

દાહોદ,

'નારીનું અપમાન, સહન નહીં કરાય' દાહોદમાં ભાજપ મહિલા મોરચાનો ઉગ્ર વિરોધ મહિલાઓ સામે થતા અન્યાય, અપમાનજનક ટિપ્પણીઓ અને મહિલા સુરક્ષાના મુદ્દે દાહોદ જીલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. શહેર સ્થિત જૂની નગરપાલિકા કાર્યાલય ચોક ખાતે એકત્રિત થયેલી મહિલા કાર્યકરો અને હોદ્દેદારોએ નારી શકિતના સમર્થનમાં જોરદાર સૂત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો. જૂની નગર પાલિકા ચોક ખાતે આયોજીત આ પ્રદર્શન દરમિયાન મહિલા કાર્યકરોએ નારીનું અપમાન, સહન નહીં કરાય અને મહિલા સન્માન જાળવો જેવા સૂત્રોથી સમગ્ર વિસ્તાર ગૂંજવી મુકયો હતો. વિપક્ષી નેતાઓ કે અસામાજીક તત્વો દ્વારા મહિલાઓ પ્રત્યે કરવામાં આવતી અશોભનીય ટિપ્પણીઓ અને અયોગ્ય વર્તન સામે મહિલા મોરચાએ આક્રોશ વ્યકત કર્યો હતો અને મહિલા સમાજની સુરક્ષા તથા સન્માન જાળવી રાખવાની સખત માંગ કરી હતી. આ વિરોધ પ્રદર્શનમાં દાહોદ જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ તેમજ વિવિધ વોર્ડ અને તાલુકા કક્ષાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા

# ઝાલોદમાં સિંધી સમાજ દ્વારા આશુચંદ પર્વની ભકિતભાવપૂર્વક ઉજવણી

**જય શ્રી ઝૂલેલાલના જયઘોષથી ગુંજી ઊઠ્યું મંદિર પરિસર; ધ્વજારોહણ, આરતી, બહેરાણા ની જ્યોત અને પલ્લવ પ્રાર્થના સાથે યોજાયો ધાર્મિક મહોત્સવ.**

ઝાલોદ,

ઝાલોદ નગરમાં સિંધી સમાજ દ્વારા સિંધી સમાજના આરાધ્ય દેવ ભગવાન ઝૂલેલાલ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને ભકિત સાથે આશુચંદ પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે ભગવાન ઝૂલેલાલના મંદિરમાં વિવિધ ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને સમાજના ભાઈઓ–બહેનો ભગવાનના ભજન–કીર્તન સાથે ભક્તિમાં લીન બન્યાં હતાં.

ધ્વજારોહણ અને આરતી સાથે ધાર્મિક કાર્યક્રમોનો પ્રારંભ : આશુચંદ પર્વ નિમિત્તે સવારે ભગવાન ઝૂલેલાલના મંદિરે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભગવાનની આરતી ઉતારી સમાજની સુખ–શાંતિ, સમૃદ્ધિ અને સર્વના કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સાંજના સમયે પરંપરાગત રીતે બહેરાણા ની જ્યોત પ્રજવલિત કરવામાં આવી હતી. આરતી અને પલ્લવ પ્રાર્થના સાથે ભક્તોએ ભગવાન ઝૂલેલાલનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

બહેરાણા ની જ્યોત સાથે ભક્તિ અને આનંદનો માહોલ : સાંજે બહેરાણા ની જ્યોત સાથે સમાજના ભક્તો ભજન–કીર્તન કરતાં અને નાચતા–ઝૂમતા જોવા મળ્યા હતા. ભગવાન ઝૂલેલાલના જયઘોષ અને ભક્તિગીતોથી મંદિર પરિસર ગુંજી ઊઠ્યું હતું. પરંપરા અનુસાર બહેરાણા ની જ્યોતને રામસાગર તળાવ ખાતે લઈ જઈ ધાર્મિક વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ભક્તોએ શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો.

સામૂહિક ભોજન–પ્રસાદીનું આયોજન : ધાર્મિક કાર્યક્રમના અંતે સિંધી સમાજ દ્વારા મંદિર ખાતે સામૂહિક ભોજન–ભંડારા અને



પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના લોકોએ એકસાથે પ્રસાદી ગ્રહણ કરી પરસ્પર ભાઈચારા અને એકતાનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે સમાજના સભ્યોએ એકબીજાને આશુચંદ પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

સિંધી સમાજની આસ્થા અને સંસ્કૃતિનું પ્રતીક છે આશુચંદ પર્વ : સિંધી સમાજમાં આશુચંદ પર્વનું વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ છે. આ પર્વ ભગવાન ઝૂલેલાલ પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ અને સમાજની પરંપરાઓ સાથે જોડાયેલો છે. ચંદ્રદર્શન, પૂજા–અર્ચના અને પલ્લવ પ્રાર્થના જેવી ધાર્મિક પરંપરાઓ દ્વારા ભક્તો સુખ, શાંતિ અને સમૃદ્ધિની મંગલકામના કરે છે.

ઝાલોદમાં યોજાયેલી આશુચંદ પર્વની ઉજવણીએ સિંધી સમાજની ધાર્મિક આસ્થા, પરંપરા અને સામાજીક એકતાને ઉજાગર કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન જય ઝૂલેલાલના જયઘોષ સાથે ભક્તિમય માહોલ છવાયેલો રહ્યો હતો.

# ગામડાંની સમૃદ્ધિની દિશામાં દાહોદની ઐતિહાસિક સિદ્ધિ




– પ્રધાનમંત્રી ધન–ધાન્ય કૃષિ યોજના હેઠળ રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ પ્રાપ્ત.

– નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણના હસ્તે દાહોદ જીલ્લા ને 'બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રિક્ટ'નો રાષ્ટ્રીય એવોર્ડ એનાયત સિંચાઈ માળખાકીય સુવિધાઓના સુદ્રઢીકરણ.

દાહોદ ,

આદિવાસી બહુલ દાહોદ જીલ્લાએ કૃષિ અને સિંચાઈ ક્ષેત્રે નવી ઊંચાઈઓ હાસલ કરતાં રાષ્ટ્રીય સ્તરે જીલ્લાનું ગૌરવ વધાર્યું છે. પ્રધાનમંત્રી ધન–ધાન્ય કૃષિ યોજના અંતર્ગત Improving Irrigation Infrastructure (સિંચાઈ માળખાકીય સુવિધાઓમાં સુધારો) કમ્પોનન્ટમાં નોંધપાત્ર અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ દાહોદ જીલ્લાને રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યો છે.

નવી દિલ્હી ખાતે આયોજીત રાષ્ટ્રીય સમારોહમાં માનનીય કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણના વરદ હસ્તે દાહોદ જીલ્લા ને આ ગૌરવવંતો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

દાહોદ જેવા આદિવાસી વિસ્તાર ધરાવતા જીલ્લામાં ખેતીના ટકાઉ વિકાસ માટે સિંચાઈ સુવિધાઓનું વિશિષ્ટ મહત્ત્વ રહેલું છે. જીલ્લા વહીવટીતંત્ર દ્વારા છેલ્લા સમયગાળા દરમિયાન સિંચાઈ ક્ષમતામાં વધારો કરવા, માળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા તથા ખેડૂતો સુધી પૂરતા પ્રમાણમાં પાણી પહોંચાડવા માટે સઘન પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ સફળ કામગીરીના પરિણામે ખેતી માટે જરૂરી પાણીની ઉપલબ્ધતા વધતાં કૃષિ ઉત્પાદકતા અને ઉત્પાદનમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે, જેની હવે રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે.

''આ રાષ્ટ્રીય સન્માન એ દાહોદ જીલ્લા વહીવટીતંત્ર, સંબંધીત વિભાગોના અધિકારીઓ–કર્મચારીઓની નિષ્ઠાવાન મહેનત અને સ્થાનિક ખેડૂત ભાઈ–બહેનોના સહયોગનું પરિણામ છે. આ પુરસ્કાર આગામી સમયમાં જીલ્લામાં કૃષિ અને સિંચાઈ ક્ષેત્રે વધુ નવીનતમ અને અસરકારક કામગીરી કરવા માટે સતત પ્રેરણા આપતો રહેશે.''પ્રધાનમંત્રી ધન–ધાન્ય કૃષિ યોજના હેઠળ દાહોદ જીલ્લાને પ્રાપ્ત થયેલ આ એવાર્ડ પી.આર. દવે જીલ્લા ખેતીવાડી અધિકારી એ જીલ્લા કલેકટર વતી આ એવોર્ડ સ્વીકાર્યો આ સિદ્ધિથી સમગ્ર જીલ્લા વહીવટીતંત્ર તેમજ સ્થાનિક ખેડૂતોમાં હર્ષ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

## ખરોડ પ્રાથમિક શાળામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત આપત્તિ વ્યવસ્થાપન અને સલામતી અંગે તાલીમ યોજાઈ

દાહોદ,

દાહોદમાં આપત્તિ સમયે જાનમાલનું નુકસાન અટકાવવા અને વિદ્યાર્થીઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ કેળવવાના હેતુથી આજરોજ ખરોડ પ્રાથમિક શાળા ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત સલામતી તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

આ તાલીમ કાર્યક્રમમાં જીલ્લા પ્રોજેકટ અધિકારી જયેશકુમાર જી. ગાડીલુહાર, જીલ્લા કક્ષાના નાયબ મામલતદાર પી. કે. કપાસિયા (પૂર) તથા દાહોદના નાયબ મામલતદાર ચેતનભાઈ ભાભોર (પૂર) ઉપસ્થિત રહ્યા હતા.

તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓ અને શાળાના સ્ટાફને આપત્તિના સમયે રાખવાની સાવચેતી, સલામતીના જરૂરી પગલાં, કટોકટીની પરિસ્થિતિમાં યોગ્ય પ્રતિભાવ આપવાની રીતો તેમજ આપત્તિ સમયે બચાવ અને સુરક્ષાને લગતી જરૂરી જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ખરોડ પ્રાથમિક શાળાના કુલ ૧૨૫ વિદ્યાર્થીઓ અને ૧૪ સ્ટાફ સભ્યો મળી કુલ ૧૩૯ લોકોએ ડિઝાસ્ટર મેનેજમેન્ટની સલામતી તાલીમ મેળવી હતી. આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને શાળા સ્ટાફને આપત્તિ સામે સજ્જ બનાવવા તથા કટોકટીના સમયે સતર્કતા, સમજદારી અને સાવચેતીપૂર્વક કાર્ય કરવા માટે પ્રેરિત કરવાનો હતો.

## દે.બારીયા થી છોટાઉદેપુરને જોડતો માર્ગ બિસ્માર ખાડાઓનું સમારકાર્ય હાથ ધરાશે ?

દે.બારીયા,

દે. બારીયા તાલુકા માર્ગ અને મકાન વિભાગની હદ છોટાઉદેપુરની હદના સુધી માર્ગ અને મકાન વિભાગની પેટા કચેરી લીમખેડાના તાબાના માર્ગમાં ખુબ મોટા ખાડા પડી ગયા હોવાના કારણે વાહન ચાલકોમાં રોષ દેખવા મળી રહ્યો છે. ફોર વ્હીલ વાહન કયાં હંકારવું તે મુશ્કેલી છે, તો માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર સદર માર્ગનું નિરીક્ષણ કરીને રોડનું રીપેર એપ્રોચની કામગીરી હાથ ધરે તવી વાહન ચાલકોની માંગ ઉઠવા બપામી છે.

મળતી માહિતી અનુસાર દે.બારીયા થી છોટાઉદેપુરને જોડતો મુખ્ય માર્ગ બારીયા શહેરની મેટ્રો ચોકડી થી બામરોલી સાગટાળા તેમજ કેવડીયા ગ્રામ્યની હદ દે.બારીયા તાલુકાના માર્ગ અને મકાન વિભાગની કચેરી લીમખેડા હેઠળ આવતો હશે તો કેવડીયા સુધી જે દાહોદ જીલ્લાની હદમાં રોડ ઉપર ભારે વાહનો જેવાં કે, રેતી ભરીને ટર્બો ખાનગી વાહનો અવર જવર તથા એસ.ટી. બસોમાં મહિલાઓ બાળકો સફર કરતા તેઓને આ રોડ ઉપરન ખાડાઓથી ખાસ કરીને મહિલાઓને અને બાળકોને મુશ્કેલીઓનો સામનો છે. તેમજ વાહનમાં બેસનારા તથા વાહનને હાંકનારને મણકા દુઃખાવો આવે તે અલગથી વાહન માલિકો રોડ ટેક્સ ભરે છે, તો માર્ગ અને મકાન વિભાગ તે પ્રમાણેના સુવિધાજનક રોડનું સમારકાર્ય કરવાની અને રોડ પરના મોટા ખાડાઓનું પુરણ કરીને એપ્રોચ રીપેરકાર્ય કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

**જાહેર નોટીસ**
ગરબાડાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. આર.સી.રાઠોડ — મુ.તા.૨૧/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૨૬૧/૨૦૨૬ આંકઃ– ૦૪

| અરજદાર | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| મુકેશભાઈ દરિયાભાઈ દેહદા | પુખ્ત | ખેતી | દેવધા, હોળી ફળીયા, તા.ગરબાડા.જિ.દાહોદ |
| વિરુધ્ધ સામાવાળા | | | |
| તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત દેવધા તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમના પુત્રના નામે હિતેશભાઈ મુકેશભાઈ દેહદા નાઓની જન્મ તા.૦૪/૦૯/૨૦૧૦ ના રોજ મોજે ગામ દેવધા, હોળી ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી – દેવધા ના જન્મ–મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પુત્રની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૦૭ મી માહે ઓકટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

**જાહેર નોટીસ**
ગરબાડાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. આર.સી.રાઠોડ — મુ.તા.૨૧/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૨૬૬/૨૦૨૬ આંકઃ– ૦૪

| અરજદાર | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| વિનોદભાઈ ચંદુભાઈ ભુરા | પુખ્ત | ખેતી | ટુંકીવજુ, રોજી ફળીયા તા.ગરબાડા.જિ.દાહોદ |
| વિરુધ્ધ સામાવાળા | | | |
| તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત ટુંકીવજુ તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમની પુત્રીઓના નામે નં.૧ નીલમબેન વિનોદભાઈ ભુરા નાઓની જન્મ તા.૦૩/૧૦/૨૦૧૧ તથા નં.૨ ચાંદનીબેન વિનોદભાઈ ભુરા નાઓની જન્મ તા.૧૩/૦૬/૨૦૧૩ ના રોજ મોજે ગામ ટુંકીવજુ, રોજી ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી –ટુંકીવજુના જન્મ–મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પુત્રીઓની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૦૭ મી માહે ઓક્ટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

**જાહેર નોટીસ**
ગરબાડાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. આર.સી.રાઠોડ — મુ.તા.૨૧/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૨૬૭/૨૦૨૬ આંકઃ– ૦૪

| અરજદાર | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| સુરેશભાઈ મડીયાભાઈ બારીયા | પુખ્ત | ખેતી | વજેલાવ, (ભુતવડ ફ.) તા.ગરબાડા. જિ.દાહોદ |
| વિરુધ્ધ સામાવાળા | | | |
| તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત વજેલાવ તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમની પુત્રીઓના નામે નં.૧ ઐશ્વર્યાબેન સુરેશભાઈ બારીયા નાઓની જન્મ તા.૨૧/૧૨/૨૦૧૬ તથા નં.૨ આશાબેન સુરેશભાઈ બારીયા નાઓની જન્મ તા.૨૧/૧૨/૨૦૧૬ ના રોજ મોજે ગામ વજેલાવ, ભુતવડ ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી –વજેલાવ ના જન્મ–મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પુત્રીઓની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૦૭ મી માહે ઓક્ટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

**જાહેર નોટીસ**
ગરબાડાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ શ્રી આર.એચ.સોલંકી સાહેબની કોર્ટમાં, મુ.ગરબાડા.

અરજદારના વિ.વ.શ્રી. આર.સી.રાઠોડ — મુ.તા.૦૭/૧૧/૨૦૨૬ કિ.પ.અ.નં. ૨૫૯/૨૦૨૬ આંકઃ– ૦૪

| અરજદાર | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| ભરતભાઈ રમણભાઈ ડામોર | પુખ્ત | ખેતી | અભલોડ, (ભુદરખેડી ફ.) તા.ગરબાડા. જિ.દાહોદ |
| વિરુધ્ધ સામાવાળા | | | |
| તલાટી કમ મંત્રીશ્રી | પુખ્ત | નોકરી | ગ્રામ પંચાયત અભલોડ તા.ગરબાડા. જિ.દાહોદ |

અરજદારે તેમની પુત્રીના નામે નંદનીબેન ભરતભાઈ ડામોર નાઓની જન્મ તા.૧૯/૦૪/૨૦૦૭ ના રોજ મોજે ગામ અભલોડ, ભુદરખેડી ફળીયા, તા.ગરબાડા, જી.દાહોદ મુકામે થયેલ હોઈ તેઓની શરતચુકથી જન્મની નોંધણી કરાવવાની રહી ગયેલ હોવાથી ગ્રામ પંચાયત કચેરી –અભલોડ ના જન્મ–મરણ દફતરે જન્મની નોંધણી કરાવવા સારુ ઉપરોકત નંબરની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.વાસ્તે તમામ લાગતા વળગતા હીત ધરાવતા ઈસમોને જણાવવાનું કે અરજદારના પુત્રીની જન્મની નોંધણી કરાવવા સામે જે કોઈ શખ્સને વાંધો યા તકરાર હોય તો તેઓએ સદર બાબતે પોતાના વાંધાઓ સહીત અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૦૭/૧૧/૨૦૨૬ ના રોજ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે કાર્યવાહી કરશે જેની તમામ લાગતા વળગતા તથા હીત ધરાવતા ઈસમોએ નોંધ લેવી. આજ તારીખ : ૧૦ મી માહે ઓકટોમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (વી.એમ.બારડ) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર ટી.સી.ખપેડ સીનીયર કલાર્ક — કોર્ટનો સિક્કો — હુકમથી (એ.જી. પરમાર) રજીસ્ટ્રાર જયુડી.મેજી.ફ.ક.કોર્ટ, ગરબાડા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.46

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા તાલુકાના પઢીયાર ગામના સરપંચ હરેન્દ્રસિંહ રાઉલજી હોદ્દાનો દુરૂપયોગ અને નાણાકીય ગેરરીતિ બદલ સસ્પેન્ડ

**અરજદાર ભુપત ડાભીની રજૂઆત બાદ સરપંચે પોતાની જ પેઢીમાં પંચાયતના લાખો રુપિયા લીધાનો ભાંડો ફૂટ્યો.**

ગોધરા,

ગોધરા તાલુકાની પઢીયાર ગ્રામ પંચાયતના સરપંચ હરેન્દ્રસિંહ રામસિંહ રાઉલજીને ગંભીર નાણાકીય ગેરરીતિ, સત્તાનો દુરૂપયોગ અને ફરજ બજાવવામાં ગેરવર્તણૂક આચરવા બદલ જીલ્લા વિકાસ અધિકારી પ્રણવ વિજયવર્ગીય દ્વારા તાત્કાલિક અસરથી સરપંચ પદેથી દૂર કરવામાં આવ્યા છે. ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૫૭(૧) હેઠળ આ હુકમ પસાર કરી, સરપંચનો ચાર્જ ઉપસરપંચને સોંપવાનો અને સાત દિવસમાં પંચાયતનું તમામ રેકોર્ડ તથા બેંકની સત્તાઓ પરત લેવાનો આદેશ વહીવટી તંત્ર દ્વારા આપી દેવામાં આવ્યો છે.

સરપંચ સામે લેવાયેલા આ કડક પગલાં પાછળ જાગૃત નાગરિકોની ફરિયાદોએ મુખ્ય ભૂમિકા ભજવી છે. અરજદાર ભુપતભાઈ ડાભી દ્વારા પી.જી. પોર્ટલ પર કરવામાં આવેલી રજૂઆતના આધારે પંચાયતમાં થયેલી ગંભીર નાણાકીય ગેરરીતિનો પર્દાફાશ થયો હતો. તાલુકા વિકાસ અધિકારીના તપાસ અહેવાલમાં સાબિત થયું હતું કે સરપંચે ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસ કામોના મટીરીયલ્સ પેટે જય માતાજી સપ્લાયર્સ નામની પોતાની જ પેઢી બનાવીને સરકારી નાણાં અંગત ખાતામાં જમા લીધા હતા. સત્તાવાર તપાસ મુજબ, જય માતાજી સપ્લાયર્સના નામે રૂ. ૯,૬૬,૩૫૦ તથા સરપંચના પોતાના નામે રૂ.૨,૬૩,૬૩૦ મળીને તમામ રકમ સરપંચના એક જ અંગત બેંક ખાતામાં જમા થઈ હતી. પંચાયતના કામોમાં પ્રત્યક્ષ હિત રાખીને હોદ્દાનો દુરૂપયોગ કરવાના આ કૃત્યથી તેમણે કલમ–૩૦ (૧) (જ) નો સ્પષ્ટ ભંગ કર્યો હોવાનું સત્તાવાર રેકોર્ડ પર પૂરવાર થયું છે.



આ ઉપરાંત, અન્ય એક અરજદાર કાનાભાઈ પરમાર દ્વારા જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં કરવામાં આવેલી રજૂઆતમાં પણ સરપંચની ગેરવર્તણૂક સામે આવી હતી. તપાસમાં ખૂલ્યું હતું કે સરપંચ હરેન્દ્રસિંહ રાઉલજીએ પોતે જ ગામના સી.સી. રોડ પર દબાણ કર્યું હતું અને તાલુકા વિકાસ અધિકારીની નોટિસ મળવા છતાં પોતાનું દબાણ દૂર કર્યું ન હતું. એટલું જ નહીં, અન્ય દબાણકર્તાઓને આપવાની થતી બીજી નોટિસમાં સહી કરવાનો ઈનકાર કરી તેમણે પંચાયતની કાર્યવાહી પણ અટકાવી દીધી હતી અને પોતાની ફરજ બજાવવામાં વારંવાર બેદરકારી દાખવી હતી.સુનાવણી દરમિયાન સરપંચ અને તેમના વકીલો દ્વારા નામદાર હાઈકોર્ટના જૂના ચુકાદાઓ રજૂ કરીને બચાવ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ જીલ્લા વિકાસ અધિકારીએ હુકમમાં સ્પષ્ટપણે નોંધ્યું હતું કે સરપંચ સામે કલમ–૩૦ (૧) (જ) ના ભંગનો અને નાણાકીય ગેરરીતિનો જે સ્વતંત્ર આરોપ સાબિત થયો છે તે આ હુકમ માટે પૂરતો આધાર છે. સરપંચને ફરજ બજાવવામાં ગેરવર્તણુક, સત્તાના દુરપયોગ તથા શરમજનક વર્તણુક માટે દોષિત ઠેરવીને તેમને સરપંચ પદેથી તાત્કાલિક બરતરફ કરવામાં આવ્યા છે.

# મોરવા હડફની પુષ્પદીપ હાઈસ્કૂલ ખાતે કેબિનેટ મંત્રી અને સાંસદની વિશેષ ઉપસ્થિતિમાં તાલુકા કક્ષાનો 'ખેલ મહાકુંભ'નો શુભારંભ

શહેરા,

મોરવા હડફ તાલુકાની પુષ્પદીપ હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાના ખેલ મહાકુંભનો ઉત્સાહસભર માહોલમાં શુભારંભ થયો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીની અધ્યક્ષતામાં તેમજ સાંસદ રાજપાલ સિંહ જાદવની વિશેષ ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય કરી રમતગમત મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. તાલુકાની વિવિધ શાળાઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના ખેલકૂદ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. આ તકે સ્થાનિક ધારાસભ્ય, ભાજપ સંગઠનના હોદ્દેદારો તેમજ શિક્ષકો ઉપસ્થિત રહી રમતવીરોનો ઉત્સાહ વધાર્યો હતો.



મોરવા હડફ તાલુકાના પુષ્પદીપ હાઈસ્કૂલના પ્રાંગણમાં વિદ્યાર્થીઓમાં રહેલી રમતગમતની સુષુપ્ત શકિતઓને બહાર લાવવા અને તેમને યોગ્ય મંચ પૂરૂં પાડવાના ઉદ્દેશ્યથી તાલુકા કક્ષાના ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું.ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી , સાંસદ રાજપાલ સિંહ જાદવ તેમજ મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો.કાર્યક્રમની અધ્યક્ષતા સંભાળતા કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ''ગુજરાત સરકારે ખેલ મહાકુંભ થકી ગ્રામીણ અને તાલુકા કક્ષાએથી રમતવીરોને વૈશ્વિક મંચ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. જ્યારે આ પ્રસંગે ઉપસ્થિત સાંસદ રાજપાલ સિંહ જાદવ એ વિદ્યાર્થીઓને ખેલદિલીથી રમવા પ્રોત્સાહિત કર્યા હતા અને સ્પર્ધકોને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષા સુધી તાલુકાનું નામ રોશન કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ ખેલ મહાકુંભમાં તાલુકાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક તેમજ અન્ય વિવિધ રમતગમતમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ ખેલ મહાકુંભમાં કેબિનેટ મંત્રીની સાથે મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથાર, ભાજપ અગ્રણી વિજયભાઈ પટેલ સહિત ભાજપ સંગઠનના વિવિધ હોદ્દેદારો અને અધિકારીઓ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતના સદસ્યો, વિવિધ શાળાઓના આચાર્યઓ, શિક્ષકગણ તેમજ રમતપ્રેમીઓ હાજર રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# પંચમહાલ જીલ્લામાં શ્રમયોગીઓ માટે આશાનું નવું કિરણ : ૧૬ ઓક્ટોબરે 'શ્રમિક અન્નપૂર્ણા યોજના'નો શુભારંભ



ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના ઈ–નિર્માણ પોર્ટલ પર પંચમહાલ જીલ્લાના સાત તાલુકાઓમાં ૨૬૮૧૮ શ્રમિકો નોંધાયેલા છે.
૧. ઘોઘંબા..૧૧,૦૩૫
૨. ગોધરા..૪૫૯૪
૩. શહેરા..૩,૯૬૩
૪. હાલોલ..૨,૬૮૯
૫. કાલોલ..૧,૯૬૪
૬.મોરવા હડફ..૧,૮૬૩
૭. જાંબુઘોડા..૭૧૦

– જીલ્લામાં આવેલા નવ કેન્દ્રો ખાતે શ્રમિકો તેમજ તેમના પરિવારજનોને માત્ર રૂ. ૫/– ના રાહત દરે મળશે ભોજન.
– જીલ્લાના સાત તાલુકાઓમાં શ્રમયોગી કલ્યાણ બોર્ડના ઈ–નિર્માણ પોર્ટલ પર કુલ ૨૬૮૧૮ શ્રમિકોની નોંધણી .
– પંચમહાલ જીલ્લાના કડિયાકામ અને બાંધકામ ક્ષેત્રે પરસેવો પાડતા શ્રમજીવી પરિવારજનો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થનાર છે.

શહેરા,

પંચમહાલ જીલ્લામાં કડિયાકામ અને બાંધકામ ક્ષેત્રેના શ્રમયોગીઓ તેમજ તેમના પરિવારજનો માટે આગામી ૧૬મી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ જીલ્લામાં 'શ્રમિક અન્નપૂર્ણા યોજના'નો શુભારંભ થનાર છે. સાંસદ અને ધારાસભ્યઓના વરદ હસ્તે શરૂ થનારી આ મહત્વાકાંક્ષી યોજના અંતર્ગત પંચમહાલ જીલ્લાના વિવિધ તાલુકા મથકો અને કડિયાનાકાઓ પર કુલ ૦૯ ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવનાર છે. આ કેન્દ્રો પરથી ઈ–નિર્માણ કાર્ડ ધરાવતા શ્રમિકો તેમજ તેમના પરિવારજનોને માત્ર રૂ. ૫/– ના રાહત દરે ગુણવત્તાસભર અને પોષણયુક્ત ભોજન મળનાર હોવા સાથે મોંઘવારીના આ યુગમાં શ્રમજીવી પરિવારજનો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થનાર છે. જ્યારે જીલ્લાના સાત તાલુકાઓમાં શ્રમયોગી કલ્યાણ બોર્ડના ઈ–નિર્માણ પોર્ટલ પર કુલ ૨૬૮૧૮ શ્રમિકોની નોંધણી થયેલ છે.

પંચમહાલ જીલ્લામાં કડિયાકામ અને બાંધકામ ક્ષેત્રે પરસેવો પાડીને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપતા શ્રમયોગીઓ અને તેમના પરિવારજનોના આરોગ્ય તથા પોષણ સ્તરને ઉંચું લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. આગામી ૧૬મી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૮:૦૦ વાગ્યે પંચમહાલ જીલ્લામાં 'શ્રમિક અન્નપૂર્ણા યોજના'નો શુભારંભ થવા જઈ રહ્યો છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના ઉપક્રમે શરૂ થનારી આ યોજના અંતર્ગત જીલ્લાના વિવિધ તાલુકા મથકો અને મુખ્ય સ્થળો પર કુલ ૦૯ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યાન્વિત કરવામાં આવશે જેનો લાભ મોટી સંખ્યામાં શ્રમિકોને મળનાર છે.

જીલ્લામાં શરૂ થનાર આ યોજનાના વિવિધ કેન્દ્રો પર સ્થાનિક જનપ્રતિનિધિઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે. શહેરા કેશવ ગ્રાઉન્ડ અણિયાદ ચોકડી ખાતે ધારાસભ્ય જેઠાભાઈ આહીર, મોરવા હડફ માર્કેટિંગ યાર્ડ ચોકડી ખાતે ધારાસભ્ય નિમીષાબેન સુથાર, ઘોઘંબા ગ્રામ પંચાયત ખાતે રાજયસભા સાંસદ જશવંતસિંહ પરમારના, જાંબુઘોડા તાલુકા પંચાયતની સામે ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમાર, કાલોલ બસ સ્ટેશન પાસે ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ અને ગોધરા પટેલવાડા કડિયાનાકા ખાતે ધારાસભ્ય સી.કે. રાઉલજી તેમજ ભુરાવાવ કડિયાનાકા ખાતે પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવના વરદ હસ્તે ભોજન વિતરણ કેન્દ્રોનો શુભારંભ કરાવનાર છે. મોંઘવારીના આ યુગમાં બાંધકામ શ્રમિકોને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે આ યોજના અંતર્ગત માત્ર રૂ.૫/– ના નામ માત્રના દરે પૌષ્ટિક ભોજન મળનાર છે. આ ભોજન થાળીમાં શ્રમિકોના સ્વાસ્થ્ય અને ઊર્જાને ધ્યાનમાં રાખીને રોટલી, તાજું શાક, કઠોળ, ભાત, અથાણું, મરચાં અને ગોળનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા સંચાલિત આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય શ્રમિકોને આર્થિક બોજમાંથી મુક્તિ અપાવવાનો અને તેમને પૌષ્ટિક આહાર પૂરો પાડવાનો છે. ઈ–નિર્માણ પોર્ટલમાં નોંધાયેલા શ્રમિકોને આ યોજનાનો સીધો લાભ મળશે, તેમજ જે શ્રમિકો પાસે હાલમાં ઈ–નિર્માણ કાર્ડ ઉપલબ્ધ નથી અથવા તો નોંધણી કરાવવાની બાકી છે, તેમના માટે પણ સુવિધા ઉભી કરવામાં આવી છે. આવા શ્રમિકો માટે ભોજન વિતરણ બૂથ પર જ સ્થળ પર જ બાંધકામ શ્રમિકની હંગામી નોંધણી કરી આપવામાં આવશે અને આ હંગામી નોંધણીના આધારે શ્રમિક સળંગ ૧૫ દિવસ સુધી રૂ. ૫/– માં ભોજન મેળવી શકશે અને ત્યારબાદ ૧૫ દિવસના સમયગાળા દરમિયાન તેમનું કાયમી ઈ–નિર્માણ કાર્ડ ઇશ્યૂ થઈ જશે, જેના આધારે તેઓને આ કેન્દ્ર પર સવારમાં નિયમિત ભોજન મળનાર છે. જીલ્લાના તમામ તાલુકા મથકોએ શરૂ થનારા આ કેન્દ્રો થકી હજારો શ્રમિક પરિવારો રોજિંદા જીવનમાં પોષણયુકત આહાર મેળવીને આત્મનિર્ભર બનશે અને શ્રમજીવી પરિવારજનો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થનાર છે.

# તલાવડી પ્રાથમિક શાળામાં કલસ્ટર કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



હાલોલ,

હાલોલ તાલુકાની તલાવડી પ્રાથમિક શાળા ખાતે તા.૧૨–૧૦–૨૦૨૬ ના રોજ કલસ્ટર કક્ષાના ગણિત–વિજ્ઞાન પ્રદર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા અને પ્રત્યક્ષ પ્રયોગો દ્વારા જ્ઞાન પૂરૂં પાડવાના મુખ્ય હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં કલસ્ટરની ૧૨ પ્રાથમિક શાળાઓના બાળ વૈજ્ઞાનિકોએ ઉત્સાહભેર ભાગ લઈને પોતાની પ્રતિભાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ ગણિત–વિજ્ઞાન પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા રોજિંદા જીવનમાં અને સમાજને ઉપયોગી બને તેવી અનેક આકર્ષક કૃતિઓ તથા મોડેલ રજૂ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં નિર્ણાયકો તરીકેની મહત્વની ભૂમિકા માધ્યમિક શાળાના શિક્ષકો જયદીપસિંહ ઠાકોર અને અરૂણસિંહ ઠાકોર તથા ગૌચર પ્રાથમિક શાળાના શિક્ષક કૌશલભાઈ પટેલે ભજવી હતી. તેમણે બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓને બારીકાઈથી નિહાળી હતી અને તેમની સર્જનાત્મકતા તથા પ્રદર્શનને બિરદાવીને યોગ્ય માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. ઉપરાંત સી.આર.સી. કોર્ડિનેટર મનિષભાઈ પટેલ, તલાવડી પ્રાથમિક શાળાના આચાર્ય તખતસિંહ પરમાર તથા તમામ શાળાના આચાર્યઓ, વિજ્ઞાન શિક્ષકો, ગ્રામજનો અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ પ્રદર્શન નિહાળ્યું હતું અને બાળ વૈજ્ઞાનિકોનો ઉત્સાહ વધાર્યો હતો.

# ગોધરા સ્ટેશન રોડ પર ૩ ખાદ્ય તેલના વેપારીઓને ત્યાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે તપાસ કરી નમૂના મેળવ્યા



ગોધરા,

તહેવારો પહેલાં ગોધરામાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગે તપાસ શરૂ કરી છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં ન થાય તે માટે ભેળસેળ અટકાવવા આ ઝુંબેશ હાથ ધરાઈ છે. વિભાગની ટીમે સ્ટેશન રોડ પરના ૩ જથ્થાબંધ ખાદ્ય તેલના વેપારીઓને ત્યાં આકસ્મિક તપાસ કરી હતી.

તપાસ દરમિયાન અધિકારીઓએ ખાદ્ય તેલના જથ્થાની ચકાસણી કરી. શંકાસ્પદ જણાતા ખાદ્ય તેલના નમૂના પણ લીધા હતા. આ નમૂનાઓને ગુણવત્તા તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

તહેવારોમાં ખાદ્ય ચીજોની માંગ વધે છે, ત્યારે ભેળસેળયુકત કે હલકી ગુણવત્તાવાળી વસ્તુઓનું વેચાણ ન થાય તે જોવાનો હેતુ છે. આ કાર્યવાહીથી વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. આગામી દિવસોમાં પણ તપાસ ચાલુ રહેવાની શકયતા છે. લેબોરેટરીના રિપોર્ટ બાદ ખાદ્ય તેલની ગુણવત્તા અંગે વધુ સ્પષ્ટતા થશે.

# મોરવા હડફ ખાતે ૭૨ કલાક વિધાનસભા કાર્યક્રમ અંતર્ગત મંત્રીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ

શહેરા,

મોરવા હડફ ખાતે ૭૨ કલાક વિધાનસભા કાર્યક્રમ અંતર્ગત અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીએ મોરવા હડફ અને ગોધરા તાલુકાના વીજળી, રસ્તા અને પાણી સહિતના પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવા વહીવટી તંત્રને સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા.અને નિર્માણાધીન હોસ્પિટલ અને તાલુકા પંચાયત કચેરીના કામોનું જાતનિરીક્ષણ કર્યું હતું તેમજ શાળાઓના ભૌતિક વિકાસમાં આર્થિક યોગદાન આપનાર જીલ્લાના શિક્ષકોની કામગીરીને વિશેષ બિરદાવી હતી.

મોરવા હડફ ખાતે રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી મુલાકાતે હતા. મુલાકાત દરમિયાન મંત્રી રમણભાઈ સોલંકીએ ધારાસભ્ય નિમિષાબેન સુથારને સાથે રાખીને નિર્માણાધીન રેફરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, સિંચાઈ વિભાગના વિવિધ પ્રોજેક્ટ્સ તેમજ નવી બની રહેલી તાલુકા પંચાયત કચેરીના કામકાજનું જાતનિરીક્ષણ કર્યું હતું. તેમણે નિર્માણાધીન કામોની ગુણવત્તા જાળવીને સમયસર પૂર્ણ કરવા માટે અમલીકરણ અધિકારીઓને સ્થળ પર જ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તાલુકા પંચાયતના હોલમાં તાલુકાના વિવિધ વિસ્તારોમાં લાંબા સમયથી પડતર પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે મંત્રીએ સંકલન સમિતિના અધિકારીઓ સાથે ખાસ બેઠક યોજી હતી. તેમણે સરકાર કક્ષાએ રજૂઆત કરીને તમામ પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવા માટે સંબંધિત વિભાગોને નિર્દેશ આપ્યા હતા. આ સમીક્ષા દરમિયાન મુખ્યત્વે પી.એમ. આવાસ યોજના, જલ જીવન મિશન, આયુષ્માન ભારત યોજના તેમજ કાયદો–વ્યવસ્થા અને જમીન રેકોર્ડ સંબંધિત પડતર મુદ્દાઓની



ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવા સાથે મોરવા હડફ વિધાનસભા વિસ્તાર તેમજ ગોધરા તાલુકાના ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલી વિવિધ ફરિયાદો મંત્રીએ સાંભળી હતી. જેમાં મુખ્યત્વે વીજળી, રોડ–રસ્તા, પાણી પુરવઠો, સ્વચ્છતા અને સિંચાઈને લગતા પ્રશ્નોનો સમાવેશ થતો હતો. નાગરિકોની સુવિધા માટે આ તમામ પ્રશ્નોનો ઝડપી અને સકારાત્મક નિકાલ લાવવા વહીવટી તંત્રને કડક સૂચના આપવામાં આવી હતી.આ સમીક્ષા બેઠકમાં પંચમહાલ જીલ્લા વિકાસ અધિકારી પ્રણવ વિજયવર્ગીય, જીલ્લા પોલીસ અધિક્ષક હરેશ દુધાત, નિવાસી અધિક કલેક્ટર જે.જે. પટેલ, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારી ડી .એમ.દેસાઈ, પ્રાંત અધિકારી તેમજ વિવિધ તાલુકાના મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારી અને કાર્યપાલક ઈજનેર સહિત વિવિધ સરકારી વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બી. ફાર્મસી કોલેજ, રામપુરા કાંકણપુરના NSS યુનિટ દ્વારા નશાબંધી જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કાંકણપુર,

બી. ફાર્મસી કોલેજ, રામપુરા કાંકણપુરના ગજ્જ યુનિટ દ્વારા પ્રોહિબિશન એન્ડ એક્સાઈઝ ઓફિસ, ગોધરા તથા પંચમહાલ પોલીસ સ્પેસીયલ ઓપેરેશન ગ્રુપ (SOG),ગોધર અને એન્ટી નાર્કોટિક વિંગ, ગોધરા સહયોગથી તા. ૧૩ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ કોલેજના સેમિનાર હોલમાં નશાબંધી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નશાકારક પદાર્થોના દુષ્પ્રભાવો અંગે જાગૃતિ ફેલાવવાનો તથા નશામુક્ત સમાજના નિર્માણ માટે પ્રેરણા આપવાનો હતો.

આ કાર્યક્રમમાં એ.આર. તડવી, PSI (SOG, ગોધરા), એમ. કે. પ્રજાપતિ, PSI (એન્ટી નાર્કોટિક વિંગ, ગોધરા), એ. એન. પરમાર (ઈન્ચાર્જ સબ ઈન્સ્પેક્ટર, નશાબંધી અને આબકારી, ગોધરા), પ્રવીણભાઈ ગઢવી (કલાકાર) તથા SOGના સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ દારૂ અને અન્ય નશાકારક પદાર્થોના સેવનથી વ્યકિતના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, પારિવારિક જીવન તથા સામાજીક વ્યવસ્થા પર થતી નકારાત્મક અસરો અંગે માર્ગદર્શન આપ્યું હતું. પ્રવીણભાઈ ગઢવીએ કલાકાર તરીકે પોતાના પ્રસ્તુતિકરણ દ્વારા નશાબંધીનો સંદેશ અસરકારક રીતે પહોંચાડ્યો હતો. વિદ્યાર્થીઓને નશાથી દૂર રહેવા, સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અને સમાજમાં નશાબંધી અંગે જાગૃતિ ફેલાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

કોલેજના પ્રિન્સિપાલ, સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દ્વારા યુવાનોમાં નશામુકત જીવન પ્રત્યે જાગૃતિ કેળવવા અને સ્વસ્થ, સુરક્ષિત તથા નશામુકત સમાજના નિર્માણમાં સહભાગી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

'' નશો છોડો, જીવન જોડો નશામુક્ત ગુજરાત, સમૃદ્ધ ભવિષ્ય.''

# શહેરામાં લીઝ વગર સફેદ પથ્થર અને રેતીનું બેરોકટોક ઉત્ખનનઃ ભૂમાફિયાઓ સામે કડક કાર્યવાહી ક્યારે?

શહેરા,

શહેરા તાલુકામાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી રેતી તેમજ સફેદ પથ્થરની ગેરકાયદેસર હેરાફેરી અને ખનન પ્રવૃત્તિ વ્યાપક પ્રમાણમાં ફાલીફૂલી રહી છે. ગેરકાયદે ખોદકામના કારણે ગ્રામીણ વિસ્તારના પર્યાવરણને તો ભારે નુકસાન થઈ જ રહ્યું છે, સાથે ભૂગર્ભ જળસ્તર અને ખેતીલાયક જમીનને પણ ગંભીર અસરો પહોંચી રહી છે.ગ્રામ્ય વિસ્તારોમા લીઝ ન હોવા છતાં, ભૂમાફિયાઓ દ્વારા જમીનમાંથી બેરોકટોક સફેદ પથ્થર ખોદીને ટ્રકો મારફતે સગેવગે કરવામાં આવી રહ્યા છે. આ સામે જીલ્લા ખાણ–ખનિજ વિભાગ દ્વારા કોઈ અસરકારક કે કડક કાર્યવાહી કરવામાં ન આવતાં તંત્રની ભૂમિકા સામે પણ સ્થાનિકોમાં અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. દિવસે ઓછી અને રાત્રીના સમયે રસ્તાઓ પરથી રેતી અને સફેદ પથ્થર ભરેલી ગાડીઓ વધુ નીકળતી જોવા મળતી હોય છે.



લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે, શહેરા તાલુકાના બિનઅધિકૃત વિસ્તારોમાંથી ખોદી કાઢવામાં આવેલા સફેદ પથ્થરને કાયદેસરનું રૂપ આપવા માટે મહીસાગર જીલ્લામાં આવેલી મંજૂર થયેલી લીઝની 'રોયલ્ટી પાસ'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.ખાણ–ખનિજ વિભાગ દ્વારા આ ગેરકાયદેસર ખનન અને રોયલ્ટી પાસ બાબતે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરીને કડક પગલાં ભરવામાં આવશે કે પછી આંખ આડા કાન કરવામાં આવશે ?જોકે તાલુકા પંથકમાં ખનીજ ચોરી અટકે તે માટે જીલ્લા ખાણ ખનીજ વિભાગ દાખલા રૂપ કાર્યવાહી કરવા શુભ મુહૂર્તની રાહ દેખી રહી હોવાનું લાગી રહ્યું છે.

# ઘોઘંબાના જગાના મુવાડા ગામે ૩૮ વર્ષીય યુવાને ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

ઘોઘંબા,

ઘોઘંબાના જગાના મુવાડા ગામે ખેતરમાં વાવની મુવાડીના ૩૮ વર્ષીય યુવાને કોઈ અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ જતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ઘોઘંબા તાલુકાના જગાના મુવાડા ગામે વાવની મુવાડી કુવાવાળા ફળીયામાં રહેતા રમેશભાઈ સુરેશભાઈ ચાવડા ઉ.વ.૩૮ તા.૧૨ ઓકટોબરના રોજ કોઈ અગમ્યકારણોસર ખેતરમાં લીમડાના ઝાડ પર દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી લેતા આ બાબતે રાજગઢ પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.